સુવિચાર
હંમેશા હસતા રહેવાથી અને ખુશનુમા રહેવાથી, પ્રાર્થના કરતાં પણ વધારે જલદી ઈશ્વરની નજીક પહોંચાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ GPCB
બામણબોર જીઆઇડીસીમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ આવ્યું એકશન મોડમાંઃ બે યુનીટ બંધ કરવાના આદેશ કરાયા P-4

Year-16, Issue-111 ■ DATE : 19-08-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સુત્રાપાડામાં બારે મેઘ ખાંગાઃ ૧૨ ઈંચ વરસાદથી પાણી... પાણી...

## જન્માષ્ટમીની રજાઓ બાદ ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી જિલ્લામાં વરસાદનો નવો રાઉન્ડ શરૂઃ વેરાવળમાં ૬, કોડીનાર-ગીરગઢડામાં ૫-૫ ઈંચ વરસાદ, વડીયામાં ૪, તાલાલા-ઉના અને માંગરોળમાં ૩-૩ ઈંચ





**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે ગીર સોમનાથ, અમરેલી જિલ્લામાં અને ઉના પંથક તથા કોડીનાર પંથકમાં મેઘરાજાએ સટાસટી બોલાવી દીધી હતી. સુત્રાપાડામાં ધોધમાર ૧૨, વેરાવળમાં ૬, કોડીનાર અને ગીર ગઢડામાં ૫-૫ ઈંચ વરસાદ વરસી જતા સર્વત્ર પાણી-પાણી થઈ ગયું હતું.

ઉપરાંત તાલાલા-ઉનામાં ૩-૩ ઈંચ, પાણી વરસી ગયું હતુ અને અમરેલીનાં વડિયામાં ૪ ઈંચ વરસાદ ખાબકયો હતો. જુનાગઢ જિલ્લામાં માંગરોળમાં પણ ૩-૩ ઈંચ વરસાદ વરસ્યો છે.

જુનાગઢમાં ગઈકાલે ભારે વરસાદની આગાહી હતી પરંતુ દિવસ આખો કોરો ધાકોડ જવા પામેલ મોડી સાંજના માંગરોળ ખાતે બે ઈંચ ભારે પવન-કડાકા ભડાકા સાથે તુટી પડયો હતો.

સાંજના વંથલીમાં બે ઈંચ માળીયા હાટીના ખાતે અને કેશોદમાં દોઢ દોઢ ઈંચ વરસાદ ખાબકયો હતો. સાંજના પોણા સાતે જુનાગઢમાં ભારે પવન વાવાઝોડા સાથે વિજળીના કડાકા ભડાકા સાથે તુટી પડયો હતો. એક કલાકમાં એક ઈંચ વરાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. તેવી રીતે વિસાવદરમાં પણ સવા ઈંચ વરસાદ નોંધાયો હતો. માણાવદરમાં પોણો ઈંચ મેંદરડા પોણો ઇંચ જયારે ભેંસાણમાં મેઘરાજાએ વિરામ લીધો હતો.

આજે વહેલી સવારે જુનાગઢ જિલ્લામાં ૬ થી ૮ બે કલાકમાં માંગરોળમાં વધુ ત્રણ ઈંચ અને માળીયાહાટીના ખાતે દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે. બાકીના તાલુકાઓમાં વાદળ છવાયેલું વાતાવરણના કારણે સુર્ય ભગવાનના દર્શન થવા પામ્યા નથી ભારે બફારો હોવાથી ગમે ત્યારે વરસાદ તુટી પડે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

મોસમનો સૌથી વધુ વરસાદ જુનાગઢમાં ૩૨ ઈંચ, માળીયામાં ૩૧ ઈંચ, વંથલીમાં ૨૯ ઈંચ, માણાવદર ૨૫ ઈંચ, મેંદરડા ૨૪ ઈંચ, કેશોદ ૨૭ ઈંચ, માંગરોળ ૨૭ ઈંચ, ભેંસાણમાં ૨૩ ઈંચ વરસાદ નોંધાયો છે.

ગીર સોમનાથ જિલ્લાના ચારેય તાલુકામાં રાત્રીના સમયે મેઘરાજા મન મુકીને વરસી જતા ૩ થી ૧૦ ઈંચ જેવા વરસાદથી ચારે તરફ પાણી વહેતાં થયા છે અને ખેડૂતોમાં રાહત પ્રસરેલ છે. હવામાન વિભાગની આગાહીના પગલે માછીમારોને હાલ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

ગીર સોમનાથ જિલ્લામાં રાત્રીના સમયે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસવાનું શરૂ થયેલ હતુ અને સવાર સુધીમાં ચારે તરફ પાણી વહેતાં થયાં હતાં. વાતાવરણ પણ ઠંડુગાર થયું છે વરસાદ વરસતા લોકોમાં ભારે આનંદની લાગણી ફેલાઈ છે વરસાદ વરસતા લોકો લાંબા સમયથી વરસાદની આતુરતાપૂર્વક રાહ જોઈ બેઠેલા લોકો અને ખેડૂતોમાં રાહત પ્રસરેલ છે.

ગીર સોમનાથ જિલ્લામાં રાત્રી દરમિયાન પડેલા વરસાદના આંકડા પ્રમાણે વેરાવળમા ૧૪૪ મીમી (૬ ઈંચ) ગીરગઢડામા ૧૨૩ મીમી (૫ ઈંચ) તાલાલામા ૬૫ મી.મી (૩ ઈંચ) સુત્રાપાડામા ૧૨ ઈંચ, કોડીનારમા ૧૨૬ મીમી (૫ ઈંચ) અને ઉનામા ૬૬ મીમી (૩ ઈંચ) જેવો વરસાદ નોંધાયેલ છે.

સમગ્ર સૌરાષ્ટ્ર માં અને ખાસ કરીને અમરેલી, જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લા માં વરસાદ ખેંચાતા ખેડૂતો ભારે ચિંતા માં હતા. જન્માષ્ટમી ના પાવન દિવસે બપોર સુધી લોકોએ કૃષ્ણ જન્મોત્સવ મનાવ્યા પછી જાણે દ્વારકાધીશે વડિયા વાસીઓનો અવાજ સાંભળ્યો હોય તેમ ધમાકેદાર વરસાદ નુ આગમન થતા ચારે બાજુ પાણી પાણી જ જોવા મળ્યું હતુ. બપોર બાદ ચાર ઈંચ જેટલો ધોધમાર વરસાદ વરસતા ખેડૂતો અને લોકોમાં જાણે હરખની હેલી સર્જાઈ હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.તો વડિયાની ઉપરવાસ ના ગામડાઓ રામપુર, તોરી, અરજનસુખ, ખાન ખીજડીયા, મોરવાડા માં ભારે વરસાદ નોંધાતા વડિયાની સુરવો નદી પર આવેલાં સુરવો ડેમ માં પણ બાર ફુટ જેટલાં નવા નિરની આવક નોંધાઈ હતી અને ડેમ ૭૫% ની સપાટી સુધી ભરાયો હતો.

# માયાવીનગરી મુંબઈમાં મેઘાની તોફાની બેટીંગઃ ૧૦ ઈંચ વરસાદથી સતત બીજા દિવસે જનજીવન અસ્ત વ્યસ્ત



## અમુક પરાના વિસ્તારો તળાવમાં ફેરવાયાઃ વિમાની સેવા ખોરવાતા મુસાફરોને પડી હાલાકી

**મુખ્ય સમાચાર, મુંબઈ**

દેશનાં આર્થિક પાટનગર એવા મુંબઈની રફતાર અનરાધાર વરસાદને કારણે થંભી ગઈ છે આજે પણ મુશળધાર વરસાદ ચાલુ રહેવા સાથે ચોવીસ કલાકમાં ૧૦ ઈંચ વરસાદ થયો હતો. અનેક ભાગોમાં કમરસમા પાણી વચ્ચે સર્વત્ર જળબંબાકારની હાલત હતી. વધુ ભારે વરસાદની આગાહી સાથે રેડએલર્ટજારી કરાયું હતું. લોકોને અનિવાર્યતા સિવાય બહાર નહિં જવા સલાહ અપાવામાં આવી હતી. શૈક્ષણીક સંસ્થાનોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી.

મુંબઈ વેધશાળાનાં રીપોર્ટ મુજબ આજે સવારે પુરા થતા ચોવીસ કલાક દરમ્યાન શાંતાક્રુઝ ક્ષેત્રમાં ૧૦ ઈંચ વરસાદ તથા કોલાબામાં સાડા આઠ ઈંચ વરસાદ નોંધાયો હતો આજે સવારે પણ ધોધમાર વરસાદ વરસવો ચાલુ રહ્યો હતો. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે એમ કહ્યુ કે સોમવારે કેટલાંક ભાગોમાં માત્ર ૬ થી ૮ કલાકમાં જ સાત ઈંચ વરસાદ ખાબકી ગયો હતો.

અનરાધાર વરસાદનો સિલસિલો ચાલૂ રહેવાથી મહાનગરનાં મોટાભાગનાં વિસ્તારો-માર્ગો તળાવમાં ફેરવાઈ ગયાની હાલત થઈ હતી. વિક્રોલી, જુંહુ, ચેમ્બુર, બાંદ્રા, મહાલક્ષ્મી, દાદર, વર્લી, સાયન સહીતના ભાગોમાં ભારે વરસાદથી ઠેકઠેકાણે જળબંબાકારની હાલત હતી.

હવામાન વિભાગ દ્વારા આજે પણ અતિભારે વરસાદની આગાહી સાથે રેડએલર્ટની ઘોષણા કરવામાં આવી છે.લોકોને બિન જરૂરી ઘરની બહાર નહિં જવા માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. જળબંબાકારની સ્થિતિમાં અનેક માર્ગો પર ટ્રાફીક મુશ્કેલ બન્યો હતો વિમાની સેવા પણ પ્રભાવીત થઈ હતી. રેલવે સેવાને પણ અસર થઈ હતી.

માયાનગરી મુંબઈની રફતાર વરસાદના કારણે થંભી ગઈ છે, જેના કારણે કોર્પોરેશનની શાળા અને કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી છે. દેશની આર્થિક રાજધાનીના અનેક ભાગોમાં હજુય સતત વરસાદ વરસી રહ્યો છે. ક્યારેય ન રોકાતા મુંબઈના રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે, એટલું પાણી ભરાઈ ગયું છે કે, અનેક જગ્યાએ ગાડીઓ ફસાઈ ગઈ છે. મુંબઈની અંધેરી સબવેમાં ભારે વરસાદના કારણે પાણી ભરાઈ ગયા છે, જેના કારણે અંધેરી સબવે બંધ કરી દેવું પડ્યું.

આ સિવાય પાણી ભરાઈ જવાના કારણે ચેંબુરની એક હોસ્પિટલમાં દાખલ દર્દીઓએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. અનેક લોકો પોતાના બીમાર પરિજનોને પીઠ પર તેડીને બીએમસી સંચાલિત માં હોસ્પિટલ સુધી પહોંચાડતા જોવા મળ્યા હતા.

મુંબઈમાં ખરાબ હવામાનના કારણે અનેક ફ્લાઈટ પ્રભાવિત થઈ છે. એરપોર્ટ સુધી જતા અનેક રસ્તા પર હજું પણ પાણી ભરાયેલા છે. જેના કારણે વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. ઈન્ડિગોના જણાવ્યા અનુસાર, વરસાદના કારણે અરાઈવલ અને ડિપાર્ચર બંનેમાં મોડું થઈ રહ્યું છે. ઈન્ડિગોએ યાત્રા કરનારા લોકોને વેબસાઈટના માધ્યમથી પોતાની ફ્લાઈટ પર નજર રાખવાની સલાહ આપી છે.

અધિકારીઓએ જણાવ્યું કે, ઠાણે જિલ્લામાં કલ્યાણના પહાડી વિસ્તારમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થયું, જેના કારણે ચાર ઘરોને નુકસાન થયું છે. જોકે, કોઈ જાનહાનિ નોંધાઈ નથી. મંગળવારે શાળા-કાલેજ બંધ રાખવાની જાહેરાત કરી દીધી છે.

વળી, મુંબઈમાં હવામાન વિભાગ ૧૭-૨૧ ઓગસ્ટ સુધી ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે અને સંપૂર્ણ રીતે સાવધાન રહેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. નાંદેડ જિલ્લામાં સતત વરસાદના કારણે ૨૦૦થી વધુ લોકો ફસાયા છે, જેના કારણે બચાવ કામગીરી માટે સેનાને બોલાવવી પડી હતી.

# જીએસટીમાં મોટી રાહત આપવા ચક્રો ગતીમાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

જીએસટીના હાલનાં ચાર સ્લેબને ૫ ટકા અને ૧૮ ટકાના બે સ્લેબમાં બદલવાની દરખાસ્ત યોગ્ય વિશ્લેષણ અને મૂલ્યાંકન બાદ લાવવામાં આવી છે. કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરી છે કે, જીએસટીના દરોને રીકેન્ડ કરવા માટે છેલ્લાં ત્રણ વર્ષથી કામ ચાલી રહ્યું છે. તેનો હેતુ સામાન્ય લોકોને મોટી રાહત આપવાનો છે.

બે સ્લેબ લાગું થયા બાદ રોજીંદા જીવનમાં વપરાતાં ખાદ્ય પદાર્થો અને વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે અને સામાન્ય લોકોનાં ખર્ચમાં ઘટાડો થશે. બે સ્લેબની દરખાસ્ત કરવા માટે એક ગ્રુપ ઓફ મિનિસ્ટર્સ (જીઓએમ)ની રચના કરવામાં આવી છે, જેનાં અધ્યક્ષ વચ્ચે બદલાતાં રહ્યાં છે.

જો કે જીઓએમ જીએસટીનાં દરોને તર્કસંગત બનાવવા માટે નિયમિત ધોરણે કામ કરી રહ્યું હોવાથી જીએસટી સ્લેબમાં ફેરફારનો પ્રસ્તાવ તાત્કાલિક નિર્ણય પર આધારિત નથી. દરખાસ્ત કરતાં




પહેલાં મહેસૂલી વસૂલાત, ઘટ, કરવેરાના દરોમાં ફેરફાર બાદ સામાન્ય માણસને મળતી રાહત અને અર્થતંત્રના દૃષ્ટિકોણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર સરકારનું કહેવું છે કે પરિવર્તનનો પ્રસ્તાવ મુખ્યત્વે ગરીબ-મધ્યમ વર્ગ અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો (એમએસએમઈ)ને ધ્યાનમાં રાખીને લાવવામાં આવ્યો છે. આ અંતર્ગત દૈનિક જીવનમાં ઉપયોગમાં લેવાતી વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે. એટલું જ નહીં, લોકોની સારવાર કરવી પણ સસ્તી પડશે, કારણ કે ઘણા પ્રકારનાં મેડિકલ સાધનો પહેલાં કરતાં સસ્તા હશે, જે હજુ પણ ૨૮ ટકાના સ્લેબમાં સામેલ છે તે ભવિષ્યમાં ૧૮ ટકા અને ૫ ટકાના સ્લેબમાં જશે. સામાન્ય માણસની જરૂરિયાતને લગતી ૯૯ ટકા વસ્તુઓ ૧૨ ટકાના બદલે ૫ ટકાના ટેક્સ બ્રેકેટમાં આવશે.

જીએસટીના દરોમાં ઘટાડા બાદ વાર્ષિક આવકમાં થયેલાં ઘટાડા અંગે કેન્દ્ર સરકારનું માનવું છે કે કોઈ મોટું નુકસાન નહીં થાય. હાલ મોટા ભાગની ચીજવસ્તુઓ અને સેવાઓનો સમાવેશ જીએસટી હેઠળ થાય છે. ભવિષ્યમાં બે મહત્વની બાબતોનું ધ્યાન રાખવામાં આવશે, જેનાથી જીએસટી કલેક્શનને પણ વેગ મળશે. સૌથી પહેલા દરેક બિઝનેસમેનને જીએસટી રજિસ્ટ્રેશનના દાયરામાં લાવવામાં આવશે. કારણ કે હવે જીએસટીના દર સંપૂર્ણ રીતે પ્રેક્ટિકલ થઈ જશે. બીજું, જીએસટી રિટર્ન અને રિફંડની પ્રક્રિયા સરળ બનશે ત્યારે વેપારીઓને સમયસર રિટર્ન ફાઈલ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે. આનાથી જીએસટી ચોરીને રોકવામાં મદદ મળશે.

# બેંકોએ પોતાના નફાનો માર્જીન જાળવી રાખવા હોમલોન પર વ્યાજદર રેન્જ વધારી



**મુખ્ય સમાચાર, મુંબઈ**

ભારતમાં હવે વ્યાજદરમાં રિવર્સ ટ્રેન્ડ શરૂ થયો છે.રિઝર્વ બેન્કે રેપોદરમાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. પરંતુ પોતાના નફા માર્જીન જાળવી રાખવા કે વધારવા માટે બેંકો ચાલાકી કરવા લાગી છે. પરિણામે ધિરાણ લેનારા ગ્રાહકોને અપેક્ષિત લાભ મળતો નથી.

બેન્કોએ પોતાના માર્જીન વધારવા માટે હોમલોન પર સ્પ્રેડ વધારવાનું શરૂ કરી દીધુ છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની સાથોસાથ યુનિયન બેંક ઓફ ઈન્ડિયાએ મોર્ગેજ લોન પર સ્પ્રેડ વધારી દીધુ છે. સ્ટેટ બેન્કે હોમલોન પરના વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો વધારો જાહેર કર્યો હતો. લોકોને સસ્તુ ધિરાણ મળે તે માટે રિઝર્વ બેન્કે છેલ્લા મહિનાઓમાં એકથી વધુ વખત રેપોરેટ ઘટાડયો હતો.

જે હાલ ૫.૫ ટકા છે તેવા સમયે બેંકો વ્યાજદર વધારી રહી છે. સ્ટેટ બેન્કો હવે હોમ લોનનો દાયરો ૭.૫૦ ટકાથી ૮.૭૦ ટકા સુધી કર્યો છે જે અગાઉ ૭.૫૦ ટકાથી ૮.૪૫ ટકા હતો.યુનિયન બેન્કે પણ પ્રારંભીક હોમલોન વ્યાજદર વધારીને ૭.૪૫ ટકા કર્યો છે.

અન્ય બેંકો પણ તોને અનુસરી શકે છે. અત્યાર સુધી નવા ગ્રાહકોને આકર્ષવા નીચા વ્યાજદર ઓફર થતા હતા હવે પરિસ્થિતિ પલટાઈ છે નવા ગ્રાહકોએ ઉંચા વ્યાજદર ચુકવવા પડે તેવી હાલત છે.

# ફાસ્ટેગ વાર્ષિક પાસને જબરદસ્ત પ્રતિસાદ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૫ ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસ નિમિત્તે લોન્ચ કરાયેલ ફાસ્ટેગ વાર્ષિક પાસને વપરાશકર્તાઓ તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. તેના લોન્ચ થયાના ચાર દિવસમાં, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ પાંચ લાખથી વધુ વાર્ષિક પાસ વેચી દીધા છે. ફાસ્ટેગ વાર્ષિક પાસને પહેલા દિવસથી જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે, ૧૫ ઓગસ્ટના રોજ સાંજે ૭ વાગ્યા સુધીમાં, લગભગ ૧.૪ લાખ લોકોએ વાર્ષિક પાસ બુક કરાવ્યો હતો અથવા સક્રિય કર્યો હતો.

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) કહે છે કે ફાસ્ટેગ એ કોઈપણ મુશ્કેલી વિના ભારતમાં ટેકનોલોજી આધારિત ગતિશીલતા વધારવા તરફ વધુ એક સીમાચિ સ્થાપિત કર્યું છે. લોન્ચ થયાના ૪ દિવસમાં, ૫ લાખથી વધુ વપરાશકર્તાઓ ફાસ્ટેગ વાર્ષિક પાસ સાથે જોડાયા છે. આ પહેલ મુસ-ાફરોને ઝડપી, અનુકૂળ અને વધુ સારો ટોલિંગ અનુભવ પ્રદાન કરી રહી છે. વધુને વધુ વપરાશકર્તાઓ આ પાસનો ઉપયોગ કરીને તેમની મુસાફરીને સરળ અને સારી બનાવી રહ્યા છે. NHAIએ સોશિયલ નેટર્વકિંગ સાઈટ X પર શેર કરેલી તેની પોસ્ટમાં જણાવ્યું હતુ કે, ૧૫ લાખથી વધુ ડાઉનલોડ્સ સાથે, NHAIની રાજમાર્ગયાત્રા એપ્લિકેશન ટોચની ક્રમાંકિત સરકારી એપ્લિકેશન બની છે. રાજમાર્ગયાત્રા મોબાઈલ એપ્લિકેશન એકંદર રેન્કિંગમાં ૨૩મા સ્થાને અને ગૂગલ પ્લે સ્ટોર પર મુસાફરી શ્રેણીમાં બીજા સ્થાને પહોંચી ગઈ છે. ૪.૫ સ્ટાર રેટિંગ ધરાવતી આ એપ્લિકેશને FASTag વાર્ષિક પાસ લોન્ચ થયાના ૪ દિવસમાં આ સિદ્ધિ હાંસલ કરી છે.

# ગાંધીનગરમાં TAT ઉમેદવારોનું ઉગ્ર આંદોલન

## શિક્ષણ સહાયકના બીજા રાઉન્ડ અને જગ્યા વધારવાની માંગ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં શિક્ષક બનવાનું સ્વપન જોતા હજારો TAT પાસ ઉમેદવારોએ આજે ગાંધીનગરમાં તેમની પડતર માંગણીઓને લઈને ઉગ્ર આંદોલન કર્યું. છેલ્લા દસ વર્ષથી ભરતીની રાહ જોઈ રહેલા આ ઉમેદવારોએ તાત્કાલિક ધોરણે શિક્ષણ સહાયકની ભરતીનો બીજો રાઉન્ડ જાહેર કરવાની અને ખાલી જગ્યાઓમાં વધારો કરવાની માંગ કરી છે. ઉમેદવારોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ સંતોષવામાં નહીં આવે ત્યાં સુધી તેઓ ગાંધીનગર છોડશે નહીં.

આંદોલન કરી રહેલા ઉમેદવારોએ જણાવ્યું કે, 'અમારી ઉંમર ૪૦ વર્ષની નજીક પહોંચી ગઈ છે અને આ ભરતી અમારા માટે છેલ્લી તક સમાન છે.' તેમણે દાવો કર્યો કે રાજ્યમાં શિક્ષકોની પુષ્કળ ખાલી જગ્યાઓ હોવા છતાં ભરતી પ્રક્રિયા ધીમી ગતિએ ચાલી રહી છે.

શિક્ષણ સહાયક (ધોરણ ૯ થી ૧૨) ની ભરતીમાં પ્રથમ રાઉન્ડ પછી ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે બીજા રાઉન્ડની માંગ કરવામાં આવી છે. આ ઉપરાંત જૂના શિક્ષકોની બદલી, ૩૧ મે ૨૦૨૫ સુધીમાં નિવૃત્ત થનાર શિક્ષકો અને આચાર્યની ખાલી જગ્યાઓ સહિત અંદાજે ૫૦૦૦ થી વધુ જગ્યાઓ બીજા રાઉન્ડમાં ઉમેરવાની માંગ કરવામાં આવી છે.

ભરતી સમિતિ દ્વારા કેટલાક ઉમેદવારોને બે શાળાઓ ફાળવવામાં આવી હતી, જેના કારણે હાયર સેકન્ડરીમાં અંદાજે ૧૫૦૦ અને માધ્યમિક વિભાગમાં ૧૪૦૦ સહિત કુલ ૨૯૦૦થી વધુ જગ્યાઓ ખાલી પડી છે. ઉમેદવારોએ આ ખાલી જગ્યાઓ પર તાત્કાલિક ભરતી કરવા અને લાયક ઉમેદવારોને ન્યાય આપવાની માંગ કરી છે.

એટલું જ નહી ભરતી પ્રક્રિયા દરમિયાન ઉમેદવારનું નામ, વિષય, કેટેગરી, ફાળવેલ કેટેગરી, માર્ક્સ, જન્મ તારીખ અને શાળાના નામ સહિતની વિગતો સાથે ફાઈનલ ફાળવણી યાદી જાહેર કરવામાં આવે. બીજા રાઉન્ડમાં પણ પ્રથમ રાઉન્ડની જેમ મેરિટના આધારે દરેક કેટેગરીના ઉમેદવારોને જનરલ અને કેટેગરીની સીટ પસંદ કરવાનો વિકલ્પ આપવાની માંગ કરવામાં આવે.

ઉમેદવારોએ જણાવ્યું કે જ્યાં સુધી સરકાર તેમની માંગણીઓ પ્રત્યે ગંભીરતાથી ધ્યાન નહીં આપે અને નક્કર કાર્યવાહી નહીં કરે, ત્યાં સુધી તેઓ પોતાનું આંદોલન ચાલુ રાખશે. આ મુદ્દે સરકાર કે શિક્ષણ વિભાગ તરફથી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

# લોકમેળો રંગેચંગે સંપન્નઃ ૧૫ લાખ લોકોએ મનભરી માણ્યો

## કરોડોનું ટર્નઓવરઃ વરસાદે વિરામ લેતા લોકો-વેપારીઓને જલ્સો પડી ગયોઃ મેળો હેમખેમ પુરો થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કલેકટર તંત્ર આયોજીત જન્માષ્ટમીના અનુલક્ષીને રેસકોર્ષ ખાતેના શોર્યના સિંદૂર ભવ્ય લોકમેળાનું ગતરાત્રે ભવ્યાતિભવ્ય લોકમેળાનું દબદબાભેર સમાપન થયું છે, મેળો રંગેચંગે -હેમખેમ પૂર્ણ થતા રાજકોટ કલેકટર તંત્ર, પોલીસ તંત્ર સહિત તમામે હાશકારો લીધો છે, સામાન્ય નહિ વરસાદને બાદ કરતા પાંચ દિવસમાં મેઘરાજાએ મનમુકીને નહિ વરસતા પાંચ દિવસમાં અંદાજે ૧૫ લાખ લોકોએ મેળો માણ્યો હતો, મોજના ધબાકા વચ્ચે દિવસે ગ્રામ્ય અને રાત્રે રાજકોટની રંગીલી પ્રજા ઉમટી પડી હતી, આઠમના દિવસે તો ૩ા લાખ લોકોએ મેળો માણી રેકોર્ડ સર્જી દીધો હતો.

આ વખતે મેળામાં ફરવા-સહેલ કરવા ભરપુર જગ્યા રખાઈ હતી, પરીણામે લોકો કોઈ તકલીક પડી ન હતી, મોટી જમ્બો ૩૬માંથી ૪ રાઈડ જેને પોલીસે મંજુરી નહિ આપતા લાખોનું નુકશાન થયું હતું., આ તમા રાઈડ મોતના કુવા અંગેની હતી. તો ખાણીપીણીમાં પાંચેય દિવસ મેળામાં



તસ્વીર : ગૌરવ લશ્કરી

ફરવા આવનાર લોકોએ બહુ રસ નહિ દાખવતા સ્ટોલ ધારકોને કહેવા મુજબ મોટુ નુકશાન ગયું છે.

બાકી પાંચ દિવસમાં તમામ સ્ટોલ, હેન્ડીક્રાફટના સ્ટોલ, રમકડા, માની-મોટી ચકરડી તથા અન્ય સ્ટોલમાં ધૂમ ઘરાકી જામતા આ તમામ લાખો રૂપિયા કમાયા હતા, લોકો મેળામાં માત્ર પાંચ દિવસમાં કરોડોનું ટર્નઓવર થયાનું અંદાજાઈ રહ્યું છે. પાંચ દિવસમાં કોઈ ભારેખમ વરસાદ નહિ પડતા સ્ટોલ ધારકો-લોકો-અબાલ વૃધ્ધ તમામને ભારે જલ્સો પડી ગયો હતો, પાંચ દિવસમાં તંત્ર દ્વારા ગોઠવાયેલા કાર્યક્રમ નિહાળવા મેદની ઉમટી પડી હતી.

દરમ્યાન આજે સવારે ૧૧ વાગ્યાથી લોકમેળાના મેદાનમાં અને બહાર સસ્તા ભાવે રમકડા, ગૃહ ઉપયોગીની ચીજો ખરીદવા લોકો ઉમટી પડતા ભારે ભીડ જામી હતી, પોલીસ દોડી ગઈ હતી અને મેદાન ખાલી કરાવાયું હતું.

આ વખતે ક્રાઉડ ઉપર નજર રાખવા અંગે પ્રથમ વખત એ આઈનો ઉપયોગ કરાયો અને તે સફળ રહ્યો હતો, આઠમના દિવસે એટલી ભીડ હતી કે એક કલાક દરવાજા બંધ કરવા પડયા હતા, બાળકો ખોવાઈ જવાના અનેક બનાવો બન્યા હતા, પોલીસને દોડધામ થઈ રહી તી, પાંચ દિવસમાં કોર્પોરેશન ટન મોઢે કચરો ઉપાડયો હતો. પોલીસનો કાબિલે દાદ બંદોબસ્ત રહ્યો હતો.

# જામનગરમાં રિક્ષામાં પેસેન્જર તરીકે બેઠેલ મહિલાની સોનાની બંગડી ડરાવી ધમકાવી લૂંટી લેનાર ધાડપાડુ ગેંગના પાંચ સભ્યો ઝડપાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતી એક બુઝુર્ગ મહિલા રીક્ષામાં અન્ય મુસાફરો સાથે બેઠી હતી, જે દરમિયાન એક મહિલા સહિતના પાંચ શખ્સો એ તેણીને ડરાવી ધમકાવી હાથમાં પહેરેલી ૮૦,૦૦૦ની કિંમતની સોનાની બંગડી ણી લૂંટ ચલાવી ટોળકી ભાગી છૂટી હતી, જેઓ સામે સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવ્યા બાદ સીટી એ. ડિવિઝન પોલીસે ધાડપાડુ ગેંગના એક મહિલા સહિતના પાંચ સભ્યોને ગિરફતાર કરી લીધા છે, અને તેઓ પાસેથી લૂંટમાં ગયેલી સોનાની બંગડી- રિક્ષા સહિતનો માલ સામાન કબજે કરી લીધો છે. જે ટોળકીએ ૭થી વધુ ગુનાઓને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યું છે.જામનગરના ચૂનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતી સવિતાબેન બચુભાઈ ઝાલા નામની ૭૦ વર્ષની બુઝુર્ગ મહિલા ગત ૧૩ તારીખે ખંભાળિયા નાકા પાસે ખરીદી કરવા માટે ગઈ હતી, અને રીક્ષા ની રાહ જોઈને પોતાના ઘેર જવા માટે ઉભી હતી. જે દરમિયાન એક સીએનજી રીક્ષા તેની પાસે ઊભી રહી હતી, અને ૨૦ રૂપિયા ભાડામાં પોતાના ઘર તરફ જવાનું નક્કી કર્યું હતું. જે રીક્ષા-ામાં અગાઉથી એક મહિલા અને ઉપરાંત ત્રણ પુરુષો આગળ પાછળ બેઠેલા હતા. રીક્ષા ચાલુ કર્યા બાદ તમામેં મળીને મહિલાને મારકુટ કરી ડરાવી ધમકાવી તેણીના હાથમાં પહેરેલી રૂપિયા ૮૦,૦૦૦ની કિંમતની સોનાની બે બંગડીની લૂંટ ચલાવી રસ્તા વચ્ચે ઉતારીને રિક્ષામાં તમામ આરોપીઓ ભાગી છૂટયા હતા. જે મામલો સીટી એ. ડિવિઝન પોલીસમાં લઈ જવાયો હતો, અને એક મહિલા સહિતના પાંચ શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.જે ફરિયાદના અનુસંધાને સિટી એ. ડિવિઝનની પોલીસ ટુકડી દોડતી થઈ હતી, અને રીક્ષા ના નંબરો મેળવી લીધા બાદ ઊંડાણપૂર્વકની તપાસના અંતે એક મહિલા સહિતના પાંચ શખ્સોને અટકાયતમાં લઈ લીધા હતા.જેમાં જામનગરમાં નજીક ગોરધનપર વિસ્તારમાં રહેતી વિજયાબેન રૂપેશભાઈ પરમાર, ઉપરાંત રૂપેશ જેરામભાઈ પરમાર, અજય સોલંકી, લાલજીભાઈ સોલંકી, અને આકાશ ચંદુભાઈ પરમાર વગેરેની અટકાયત કરી છે.તેઓએ અડધો ડઝનથી વધુ બનાવોને અંજામ આપ્યો છે. અને પેસેન્જર તરીકે એકલા વ્યક્તિને બેસાડી તેના રોકડ તથા દાગીના સહિતના માલ સામાનની લૂંટ ચલાવી પેસેન્જરને રસ્તામાં ઉતારીને ભાગી છુટતા હતા. જે ટોળકી આખરે પોલીસના સકંજામાં આવી ગઈ છે.

# જામનગર જિલ્લામાં વિવિધ ૬૦૦ જેટલા સ્થળો પર યોજાઈ ભવ્ય તિરંગા યાત્રા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ૭૯મા સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણીના ભાગરૂપે જામનગર જિલ્લામાં 'હર ઘર તિરંગા' અને 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હેઠળ જુદા જુદા ૬૦૦ થી વધુ સ્થળોએ ભવ્ય તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં હજારો નાગરિકો, વિદ્યાર્થીઓ, પદાધિકારીઓ અને અધિકારીઓ સ્વયંભૂ રીતે જોડાયા હતા અને દેશભક્તિ તથા સ્વચ્છતાના અનોખા સંગમ સમી આ યાત્રાની ઉમંગભેર ઉજવણી કરી હતી. જામનગર મહાનગરપાલિકા, નગરપાલિકા અને વિવિધ તાલુકા કક્ષાએ આયોજિત આ તિરંગા યાત્રામાં બાળકથી લઈ વયોવૃદ્ધ સુધીના તમામ લોકોનો ઉત્સાહ ચરમસીમાએ હતો. ઠેર ઠેર 'ભારત માતા કી જય' અને દેશભક્તિના ગીતોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

જામનગર શહેરમાં જિલ્લા વહીવટી તંત્ર અને મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે રણમલ તળાવથી રણજીતનગર સુધી , ધારાસભ્ય રિવાબા જાડેજા, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન.મોદી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતમાં એક વિશાળ તિરંગા યાત્રા યોજાઈ હતી, જેમાં પાંચ હજારથી વધુ લોકો જોડાયા હતા. આ યાત્રામાં પોલીસ અશ્વદળ, પોલીસ બેન્ડ, આર્મી, એરફોર્સ, અને નેવીના જવાનો સાથે વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. યાત્રાના સમાપન બાદ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફુલહાર અર્પણ કરીને સ્વચ્છતા અભિયાન પણ હાથ ધરવામાં આવ્યું હતું. તેવી જ રીતે, જોડિયા તાલુકાના કેશિયા ગામમાં કેબિનેટ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી તિરંગા યાત્રામાં શાળાના વિદ્યાર્થીઓ દ્વારા ૬૦૦ ફૂટ લાંબો તિરંગો લહેરાવવામાં આવ્યો હતો, જેણે સૌનું ધ્યાન ખેંચ્યું હતું. યાત્રા બાદ મંત્રી અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા ગામમાં સફાઈ કાર્યક્રમ પણ યોજાયો હતો. લાલપુરમાં વીર સાવરકર હાઈસ્કૂલથી શરૂ થયેલી તિરંગા યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને માર્ગમાં મદ્રેસા દ્વારા યાત્રાનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ જામનગર તાલુકાના ઢીંચડા ખાતે ભવ્ય યાત્રા યોજાઈ હતી.જામજોધપુર નગરપાલિકા તથા તાલુકા કક્ષાની તિરંગા યાત્રા મીની બસ સ્ટેન્ડથી આઝાદ ચોક સુધી યોજાઈ જેમાં હજારો નાગરિકો સહભાગી બન્યા જ્યારે સિક્કા ખાતે પણ માધ્યમિક શાળાથી સર્વિસ ચોક થઈ જલારામ મંદિર સુધી તિરંગા યાત્રાનું આયોજન કરાયું. ધ્રોલ નગરપાલિકા તથા તાલુકા કક્ષાની સંયુક્ત તિરંગા યાત્રા પોલીસ સ્ટેશનથી પટેલ સમાજ, ગાંધી ચોક થઈ ત્રિકોણ સુધી દેશભક્તિના માહોલમાં સંપન્ન થઈ જ્યારે કાલાવડ ખાતે પણ ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલહાર કરી મેઈન બજાર થઈ મ્યુનિસિપલ હાઈસ્કુલ સુધી યોજાયેલ યાત્રામાં વિશાળ સંખ્યામાં નગરજનોએ ભાગ લીધો.સાથે કાલાવડ તાલુકા કક્ષાની યાત્રા નવાગામ તથા ધૂન ધોરાજી ખાતે યોજવામાં આવી જેમાં ગ્રામજનોએ બહોળી સંખ્યામાં ભાગ લઈ રાષ્ટ્રભાવનાના અનોખા દર્શન કરાવ્યા હતા.આ કાર્યક્રમોમાં સ્થાનિક આગેવાનો, પદાધિકારીઓ, અધિકારીઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત સમાજના તમામ વર્ગોના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને રાષ્ટ્રભાવનાનું પ્રદર્શન કર્યું હતું. આ ભવ્ય આયોજન દ્વારા સ્વતંત્રતા પર્વ અને રાષ્ટ્રધ્વજની ગરિમાને બુલંદ કરવાનો એક સુંદર સંદેશો લોકો સુધી પહોંચાડવામાં આવ્યો હતો.

# આતંકવાદી તેમજ દેશદ્રોહી પ્રવૃત્તિઓ રોકવા જામનગર જિલ્લાના ૧૧ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ જાહેર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લામાં કુલ ૧૧ દરિયાઈ ટાપુઓ આવેલ છે. જે પૈકી માત્ર ૧ પિરોટન ટાપુ પર માનવ વસાહત આવેલ છે. જયારે અન્ય ટાપુઓ માનવ વસાહત રહિત છે. આ નિર્જન ટાપુઓ પર ધાર્મિક જગ્યાઓ આવેલ છે. જે જગ્યાઓએ અવારનવાર ધાર્મિક પ્રસંગોએ અને દર્શનાર્થે માણસો અવર-જવર કરે છે. આ ટાપુઓ પર રાષ્ટ્રવિરોધી અને દાણચોરી જેવી ગેરકાયદેસર અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતા ઈસમો સહેલાઈથી આ દરિયાઈ ટાપુઓ ઉપર આશ્રય મેળવે અથવા હથિયારો અને નશાકારક પદાર્થ છુપાવવા ઉપયોગ કરે તેવી પુરી સંભાવના છે. આથી રાષ્ટ્રીય સલામતી અને જાહેર વ્યવસ્થાને ધ્યાને લઇ તેમજ આતંકવાદી અને દેશદ્રોહી પ્રવૃત્તિને રોકવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એન. ખેર દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે સમગ્ર જામનગર જિલ્લાના આ ટાપુઓ પર પ્રવેશ કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.પ્રવાસીઓને પિરોટન ટાપુ પર જવા-આવવાનું થાય ત્યારે નાયબ વન સંરક્ષક, મરીન નેશનલ પાર્ક, જામનગરની પૂર્વમંજૂરી મેળવી લેવાની રહેશે. જાહેરનામું આગામી તા.૧૨-૧૦-૨૦૨૫સુધી અમલમાં રહેશે.પ્રવેશ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ ટાપુઓની વિગત

ખારા બેરાજા ગામ નજીકના ભેંસબીડ ટાપુ, સરમત ગામ નજીકના દંડીકા ટાપુ અને મુંડીકા ટાપુ તથા બેડી ગામ નજીકના ઝિન્દ્રા ટાપુ, પિરોટન ટાપુ, અમુડી બેલા ટાપુ, બડા બેલા ટાપુ, કોદરા બેડ ટાપુ, જુના બેલા ટાપુ, સોસબારી અને ઘાખડી (નોવાડા)આ ટાપુઓ પર પ્રવેશ અંગે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

# જામનગર જી.જી. હોસ્પિટલના રેસીડન્ટ ડોક્ટરનું ડેન્ગ્યુથી મોત નિપજ્યું

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જી .જી. હોસ્પિટલના રેસીડેન્ટ ડોક્ટરનું ડેન્ગ્યુ સહિતની બીમારીના કારણે મોત નિપજતાં તબીબી આલમમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.જી .જી.હોસ્પિટલમાં ફાર્મોકોલોજી વિભાગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા હિમતનગર પાસેના ઇડર ગામના વતની વિશાલ અસારી (ઉ.વ.30) નામના યુવાનને છેલ્લા ૭ દિવસથી ડેન્ગ્યુની બીમારી લાગુ પડી હતી અને સારવાર માટે હોસ્પિટલમાં જ દાખલ કરાયા હતા. તેઓને ડેન્ગ્યુની સાથે-સાથે હેમોગ્લોબીનની પણ બીમારી હતી. ત્યારે આજે તેઓની એકાએક તબીયત લથડતા મૃત્યુ નિપજતાં તબીબી આલમમાં શોકની લાગણી



વ્યાપી ગઈ છે. મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી હોવાથી તેઓ પણ જામનગર ખાતે જ હોવાથી પીએમ બાદ તેઓનો મૃતદેહ પોતાના વતનમાં લઈ જવાની તજવીજ હાથ ધરી છે.ડોકટર આલમમાં ભારે શોક ફેલાયો છે.

# વીર પરિવાર સહાયતા યોજના ૨૦૨૫ અંતર્ગત જામનગરમાં લીગલ સર્વિસીસ ક્લીનિકનો શુભારંભ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરીટી અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટી દ્વારા શહીદ સૈનિકોના પરિવારો અને સેવારત તથા પૂર્વ સૈનિકોને કાનૂની સહાય પૂરી પાડવા માટે ''વીર પરિવાર સહાયતા યોજના ૨૦૨૫'' નો શુભારંભ કરવામાં આવ્યો છે. આ યોજનાના ભાગરૂપે, તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસીસ ઓથોરીટી, જામનગર દ્વારા એક લીગલ સર્વિસીસ ક્લીનિકનું વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને GSLSAના પેટ્રન-ઈન-ચીફ, ન્યાયાધીશ શ્રીમતી સુનિતા અગ્રવાલ દ્વારા આ ક્લીનિકનું




ઉદઘાટન કરવામાં આવ્યું હતું.આ લીગલ સર્વિસીસ ક્લીનિક દ્વારા સેવારત સૈનિકો, પૂર્વ સૈનિકો, વીર નારીઓ (શહીદ સૈનિકોની પત્નીઓ) અને તેમના પરિવારોને મિલકત, કૌટુંબિક સમસ્યાઓ, ગ્રાહક સુરક્ષા, નાણાકીય છેતરપિંડી, પારિવારિક વારસા, કલ્યાણકારી યોજનાઓ, સિવિલ અને ક્રિમિનલ કેસોમાં કાયદાકીય પ્રતિનિધિત્વ, અને વિકલાંગતા પ્રમાણપત્ર મેળવવા જેવી કાનૂની સેવાઓ નિશુલ્ક પૂરી પાડવામાં આવશે.આ વર્ચ્યુઅલ ઉદઘાટન સમારંભમાં DLSA, જામનગરના સચિવ શ્રી એ.એમ. શુક્લા, કમાન્ડર સંદીપ જયસ્વાલ (જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી), જામનગરના આર્મી, નેવી અને એરફોર્સના જવાનો, તેમજ પૂર્વ સૈનિકોના સંગઠનના પ્રતિનિધિઓ અને કાનૂની નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

# મહિલા PSIની અભદ્ર ટિપ્પણી પોસ્ટ કરનાર ૫ કાર્યકર દબોચાયા

## વિસાવદર પોલીસ સ્ટેશનમાં AAPના ઈટાલિયા અને મહિલા PSI વચ્ચે ડખ્ખો થયો હતો




**મુખ્ય સમાચાર, જૂનાગઢ**


જૂનાગઢમાં આમ આદમી પાર્ટીના પાંચ સમર્થકોને સોશિયલ મીડિયામાં મહિલા પોલીસ અધિકારી વિશે જાતીય અને અભદ્ર ટિપ્પણી કરવી ભારે પડી છે. ૧ ઓગસ્ટના રોજ વિસાવદર પોલીસ સ્ટેશને મેંદરડાનાં મહિલા PSI અને ગોપાલ ઇટાલિયા વચ્ચે શાબ્દિક ટપાટપી પણ જોવા મળી હતી. જેનો વીડિયો વાઈરલ થતાં આ પાંચે શખસોએ અભદ્ર કોમેન્ટ્સ કરી હતી. જે બાદ તેમની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવી છે. આ પાંચેય આરોપીઓને રાજકોટ, સુરત, અમદાવાદ અને જૂનાગઢમાંથી ઝડપી પાડયા છે.

આ સમગ્ર મામલાની શરૂઆત વિસાવદર પોલીસ સ્ટેશનમાં થઈ હતી. વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારી અનાજના થઈ રહેલાં કાળાં બજાર મામલે વિસાવદર પોલીસ સ્ટેશને ૧ ઓગસ્ટે રાત્રિના ધામા નાખતાં મામલો ગરમાયો હતો. આ દરમિયાન મેંદરડાનાં મહિલા PSI એસ.એન. સોનારા સહિતના અધિકારીઓ તેમને સમજાવવા ત્યાં પહોંચ્યા હતા. ઈટાલિયાએ અનાજમાફિયાઓ સામે ગુનો નોંધવાની માગ કરી હતી તો બીજી તરફ પોલીસે આ મામલો ચોરીનો ન હોવાથી પુરવઠા વિભાગમાં ફરિયાદ કરવા કહ્યું હતું. આ સમયે જ મેંદરડાનાં મહિલા એસ.એન.સોનારા અને ગોપાલ ઈટાલિયા વચ્ચે શાબ્દિક ટપાટપી પણ જોવા મળી હતી. આ સમયે ત્યાં હાજર લોકોએ મોબાઈલમાં વીડિયો ઉતારી લીધો હતો અને સોશિયલ મીડિયા પર વાઈરલ કર્યો હતો. આ વીડિયો પર AAP સમર્થક પાંચ આરોપીઓએ મહિલા પોલીસ અધિકારીની પ્રતિષ્ઠાને નુકાસાન પહોંચાડવાના ઈરાદાથી અભદ્ર કોમેન્ટ્સ કરી હતી.

પોલીસે સોશિયલ મીડિયામાં મહિલા પીએસઆઈ વિશે અભદ્ર ટિપ્પણી કરનારા આરોપીઓના નામ અને સરનામા ટ્રેસ કરીને તાત્કાલિક ટીમો મોકલી અને ગણતરીના કલાકોમાં તેમને રાઉન્ડઅપ કરી લીધા હતા. પકડાયેલા પાંચે આરોપીઓ રાજકોટ, સુરત, અમદાવાદ અને વિસાવદરના હતા. પકડાયેલા આરોપીઓમાં મનોજ ડાયાભાઈ વાઘેલા (ID. Vaghela-Manoj) અરવિંદ દાનાભાઈ સોંદરવા (ID. ad sondarva.7) વિનોદ લાલભાઈ કોન્ટ્રાક્ટર (ફેસબુક ID vijayllalb-hai ) જેન્તી ઉર્ફે જય મુળજીભાઈ પટેલ (રહે. અમદાવાદ, ફેસબુક ID jay patel) રમેશ આંબાભાઈ રાદડિયા (રહે. નાની મોણપરી, તા. વિસાવદર, જિ. જૂનાગઢ, ફેસબુક ID radadiya vd.7) ઉપરાંત ભાવનગરના એક વકીલ નીરજ જ્યોતિન્દ્રભાઈ ટીમાણીયા (ફેસબુક ID niraj. fimaniya 75) પણ સંડોવાયેલા હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગરના IPS પ્રેમસુખ ડેલુ ની સુરેન્દ્રનગર જીલ્લા ખાતે બદલી, જામનગરના જીલ્લા પોલીસ અધિક્ષક તરીકે IPS ડૉ.રવિ મોહન સૈની મુકાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ડો. રવી મોહન સૈની IPS અમદાવાદના ઝોન-૬ DCP તરીકે હતા.જામનગર એસપી તરીકે જગ્યાએ પોસ્ટિંગ અપાયું હતું.જામનગરના સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ તરીકે ફરજ નિભાવતા પ્રેમસુખ ડેલુની બદલી સુરેન્દ્રનગર જિલ્લા સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલીસ તરીકે કરવામાં આવી છે.

# બામણબોરમાં બે યુવાને કેફી પ્રવાહી પી લેતા એકનું મોત-એક ગંભીર

## કયું કેફી પીણું પીવાથી ઘટના ઘટી તે જાણવા મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બામણબોર જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીની ઓરડીમાંથી રવિવારે સવારે ભે પરપ્રાંતીય યુવક બેભાન હાલતમાં મળી આવ્યા હતા, જેમાં એકનું મોત નીપજ્યું હતું અને બીજાની હાલત ગંભીર ગણાવાઈ રહી છે. કોઇ કેફી પ્રવાહી પીવાથી બંને બેભાન થયાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું. કર્યું પ્રવાહી પીવાથી યુવકની જિંદગીનો અંત આવી ગયો હતો તે સ્પષ્ટ કરવા સોમવારે મૃતદેહનું ફોરેન્સિક નિષ્ણાત પાસે પોસ્ટમોર્ટમ કરાવવ-ામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું કારણ બહાર આવશે તેવું સુત્રોમાંથી જાણવા મળ્યું છે



આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટના બામણબોર જીઆઈડીસીમાં આવેલી ફેક્ટરીમાં રવિવારે સવારે સિક્યુરિટી ગાર્ડ ફેક્ટરીના કેમ્પસમાં આંટો મારી રહ્યા હતા ત્યારે ફેક્ટરીમાં આવેલી ઓરડી અંદરથી બંધ દેખાઈ હતી અને બારીમાંથી નજર કરતાં બે યુવક બંધ દેખાઈ હતી અને બારીમાંથી નજર કરતાં બે યુવક યુવક બેભાન હાલત-માં પડયા હતા. આ અંગે જાણ કરાતા ફેક્ટરીના અન્ય પરપ્રાંતીય કર્મચારીઓ એકઠા થઈ ગયા હતા અને દરવાજો તોડી ઓરડીમાં રહેતા સંદીપ રામચરિત પટેલ (ઉ.વ.૨૨) અને રમેશ રવિન્દ્ર પટેલ (ઉ.વ.૨૨)ને બેભાન હાલતમાં બહાર કાઢ્યા હતા. બંનેને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સંદીપ પટેલનું મૃત્યું થયું હતું. બનાવની જાણ થતાં એરપોર્ટ પોલીસ સ્ટેશનની ટીમ હોસ્પિટલે દોડી ગઈ હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, રમેશ પટેલ અને સંદીપ પટેલ બંને ઉત્તરપ્રદેશના વતની છે અને ફેક્ટરીમાં કામ કરે છે, કોઈ કેફી પ્રવાહી પીવાથી સંદીપનું મૃત્યુ થયું હતું અને તે જ કેફી પ્રવાહી પીવાથી રમેશ પટેલની હાલત ગંભીર છે. જોકે તે કયું પ્રવાહી છે તે સ્પષ્ટ થયું નહોતું. પોલીસે સંદીપ પટેલના મૃતદેહનું ફોરેન્સિક નિષ્ણાત પાસે પોસ્ટમોર્ટમ કરાવવાનો નિર્ણય કર્યો હતો. પીએમ રિપોર્ટ બાદ કયું પ્રવાહી હતું તે સહિતની ભાબતો સ્પષ્ટ થશે તેવું તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું. ઘટનાથી બામણબોર જીઆઈડીસી વિસ્તારમાં અનેક ચર્ચાઓ શરૂ થઈ હતી.

# સમડીએ બાઈક સવાર પ્રૌઢાના ગળામાંથી કરી સોનાના ચેઈનની ચીલઝડપ

## મહિલા બાઈક પરથી નીચે પટકાતા પહોંચી ઈજાઃ ફરિયાદના આધારે ગઠિયાની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બાઈક સવાર પ્રૌઢાના ગળામાંથી સમડીએ સોનાના ચેઈનની ચીલઝડપ કરી હતી. તે દરમિયાન પ્રૌઢા બાઈક પરથી પટકાતા ઈજા પહોંચી હતી. ફરિયાદના આધારે પોલીસે બન્ને ગઠિયાને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં મોરબી રોડ ઉપર જય જવાન જય કિશાન મેઈન રોડ ઉપર આવેલ સંગીતા પાર્ક સોસાયટીમાં રહેતા કંચનબેન રમણીકભાઈ ખોખર નામના ૫૫ વર્ષના પ્રૌઢા બાઈક પાછળ બેસી ભાવનગર રોડ ઉપર આવેલ પટેલ વાડી પાસેથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે બે ગઠિયા બાઈકમાં ધસી આવ્યા હતાં અને કંચનબેન ખોખરના ગળામાં રહેલ રૂા. ૩૫ હજારની કિંમતનાં સોનાના ચેઈનની ચીલઝડપ કરી હતી.

બન્ને ગઠિયાઓએ ચેઈન ઝુટવતા કંચનબેન ખોખર બાઈક પરથી નીચે પટકાયા હતાં. પ્રૌઢાને ઈજા પહોંચી હતી. આ અંગે કંચનબેન ખોખરે ચીલઝડપ કરતી સમડી વિરુદ્ધ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવી છે. બીડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ જે.આર. સોલંકી સહિતના સ્ટાફે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

# પીએસઆઇ બનવાનું સપનું પૂરું ન થતાં યુવતીનો આપઘાત


## દોડની કસોટી દરમિયાન જ પગમાં ફ્રેક્ચર થઈ જતા ડિપ્રેશનમાં આવી ગઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી અને પોલીસ ફોર્સમાં જોડાઈને સમાજની સુરક્ષા કરવાના સપના જોતી ૨૭વર્ષીય યુવતી નસીબ સામે હારી જઈ આપઘાત જેવું આત્મઘાતી પગલું ભરી લીધું હતું. દોડની કસોટી દરમિયાન પગમાં ફ્રેક્ચર થતાં તેણી ડિપ્રેશનમાં આવી ગઈ હતી અને આખરે જિંદગી ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી.

આ અંગેની મળતી માહિતી મુજબ, નવલનગર મેઈન રોડ પર આવેલી જે.ડી.પાઠક સોસાયટીમાં રહેતા ઘનશ્યા-મસિહ ઝાલાની ૨૭વર્ષીય પુત્રી યોગિતાબાએ પોતાના ઘરે પંખામાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે પરિવારે તુરંત જ ૧૦૮ ને જાણ કરતાં સ્ટાફે જોઈ તપાસી મૃત જાહેર કરી પોલીસને જાણ કરી હતી. માલવિયાનગર પોલીસ મથકના એએસઆઈ હર્ષદભાઈ પરમાર સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં પરિવાર પાસેથી જાણવા મળ્યું હતું કે, મૃતક યોગીતાબાનું બચપનથી જ પોલીસ



ફોર્સમાં જોડાવાનું સપનું હતું. આગલી ભરતી માં થોડાક માર્ક્સ માટે રહી જતા ૨૦૨૪માં આવલી ભરતીમાં ખૂબ જ મહેનત કરી હતી. પરંતુ દોડની કસોટી સમયે જ પગમાં ફ્રેક્ચર થઈ જતાં સપનું તૂટી ગયું હતું. ત્યારબાદથી જ તે ડિપ્રેશનમાં સરી પડી હતી. પરિવાર દ્વારા તેની દવા પણ કરવામાં આવી તે સતત એકલું રહેવું પસંદ કરતી. ત્યારે આ ડિપ્રેશનમાં જ તેમણે આવું પગલું ભરી લીધું હતું. વધુમાં યોગીતાબાના પિતા ખાનગી એજન્સીમાં સિક્યુરિટી સ્ટાફમાં નોકરી કરે છે. મૃતક બે બહેનોમાં મોટી હતી. ત્યારે દીકરીના મોતથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# ટ્રાફિક પોલીસમેનને કુખ્યાત બુટલેગરના પુત્રની ધમકી, ફરજમાં રૂકાવટ

## રાજકોટની પોલીસ મને ઓળખે છે, તું કેમ નોકરી કરે છે હું જોવુ છુંઃ ગાંધીગ્રામ પોલીસમાં ગુનો નોંધાયો, આરોપીની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ભોમેશ્વર પાસે ટ્રાફીક કલીયર કરાવતા પોલીસમેનને કુખ્યાત બુટલેગરના પુત્રએ બેરીકેટ ખોલી નાખવાનુ કહી શહેરભરની પોલીસ મને ઓળખે છે. તુ કેમ નોરી કરે છે હુ જોવ છુ તારા ટોપી પટ્ટા ઉતરાવી નાખીશ કહી ધમાલ મચાવી ફરજમાં રૂકાવટ કરી નાસી જતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોધી આરોપીની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ટ્રાફીક પોલીસમેન તરીકે નોકરી કરતા પ્રદિપસિંહ કરણસિહ રાણાવત એ ગાંધીગ્રામ પોલીસમાં કુખ્યાત બુટલેગર યાકુમ મોટાણીના પુત્ર સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તે ભોમેશ્વર ફાટક પાસે હોમગાર્ડ શૈલેષભાઈ સાથે ફરજમાં હતા ત્યારે એક રિક્ષામાં આવેલા શખસે નીચે ઉતરી શેરીમાંથી બેરીટેક લગાવેલ છે. તે ખોલી નાખો કહેતા તેને ટ્રાફીક વધારે હોય હમણા નહી ખુલ્લે ટ્રાફીક હળવો થયા બાદ ખોલી નાખશુ તેમ પોલીસમેનએ કહેતા તે ઉશ્કેરાયો હતો અને મને તમે ઓળખતા નથી આખા રાજકોટની પોલીસ મને ઓળખે છે. હું કોનેન યાકુબ મુસાણી છુ. તેમ મોટા અવાજે બોલવા લાગેલ જેથી તેને સમજાવવાની કોશીષ કરતા તેને કહેલ કે હવે અહી કેમ નોકરી કરે છે તે હુ જોવુ છુ હુ તારા ટોપી પટ્ટા ઉતરાવી નાખીશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપતા લોકો એકઠા થઈ જતા ટ્રાફીક જામ થઈ ગયો હતો જેથી પોલીસમેનએ કટ્રોલને જાણ કરતા શખસ પોલીસ પહોચે તે પુર્વે જ ત્યાથી નાસી ગયો હતો.


બનાવને પગલે જમાદાર બારડ સહીતે ટ્રાફીક પોલીસમેન પ્રદિપસિહ રાણાવતની ફરીયાદ પરથી પોલીસની ફરજમાં રૂકાવટ સહીતનો ગુનો નોધી તપાસ કરતા આરોપી બુટલેગરનો પુત્ર કોનેન અગાઉ મારામા-રી,દારૂ સહીત ૯ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો હોવાનુ બહાર આવતા પોલીસે આરોપીને તેના ઘર પાસેથી ઝડપી લઈ તેની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.

# સ્વીમિંગ કરતી વખતે રાજકોટ આરટીઓના નિવૃત ક્લાર્કનું હદય થંભી જતા મૃત્યુ



રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં હદય રોગનો હુમલો આવવાના બનાવ વધ્યા છે ત્યારે જન્માષ્ટમીના પર્વમાં રાજકોટના કાલાવડ રોડ પર પૂલમાં સ્વીમિંગ કરતી વખતે શહેરના આરટીઓના નિવૃત ક્લાર્ક તેમજ નિવૃત આર્મીમેન ૭૦ વર્ષિય હસમુખભાઇ વૃજલાલ મહેતાનુ હદય થંભી જતા તેઓ મૃત્યુ પામ્યા હતા.

# આજે વર્લ્ડ ફોટોગ્રાફી ડેઃ મેળાની મોજ, પપ્પાના ખભે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાનુડાના જન્મના વધામણાં કરતો મેળો, ભુલકાંને મોજ કરાવી આપે છે. મેળાનું નામ પડે, ને બાળકોની આંખોમાં ચમક આવે, નજર સામે ચકડોળો, રાઈડ્સ, રમકડાં અને ખાણીપીણીના સ્ટોલ તરવરી ઉઠે. નાનેરાં માટે શિયાળો, ઉનાળો અને ચોમાસાંની જેમ એક મોસમ - મેળો પણ છે, જ્યારે મોટેરાં માટે મેળો સંસ્મરણોની ગલી છે, જ્યાં બાળપણની યાદો તાજી થાય છે. અહીં આપેલી તસવીર મેળાના હરખની અનુભૂતિને જીવંત કરે છે. સામાન્ય રીતે, પિતાના ખભા એટલા મજબૂત હોય છે, કે પરિવારની અનેક જવાબદારી ઉઠાવે છે. પરંતુ બાળક માટે તો પપ્પાનો ખભો મેળાની મોજ કરવા માટે પૂરતો છે. બાળક પિતાના ખભે બેસીને મેળો જોઈ રહ્યો છે, જાણે આખી દુનિયા જોઈ રહ્યો છે. મેળો એવું સ્થળ છે જ્યાં નાની-નાની વસ્તુઓ પણ મોટી ખુશી આપે છે, જીવનના થાકને દૂર કરે છે. સમય વીતતાં મેળાની ભીડ, ચકડોળમાં બેઠેલા લોકોની ચીચિયારીના અવાજ દૂર થઈ જાય છે, પણ મેળાની યાદો સ્મૃતિપટ પર તાજી રહે છે. આ યાદો આપણને અહેસાસ કરાવે છે કે જીવનનું સાચું સુખ મોંઘુ નથી હોતું, પણ સોંઘુ, સરળ અને સહજ હોય છે. રંગીલા રાજકોટમાં દર વર્ષે લોકમેળાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવે છે. વર્ષ ૧૯૮૩ સુધી શાસ્ત્રી મેદાન ખાતે ત્રણ દિવસ સુધી લોકમેળો યોજાતો હતો. સમય સાથે માનવ મહેરામણ વધતાં, વર્ષ ૨૦૦૩થી રેસકોર્સ મેદાન ખાતે લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. પાંચ દિવસમાં આશરે ૧૦ લાખ જેટલું માનવ મહેરામણ ઉમટી પડે છે. રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ગત વર્ષોમાં લોકોએ આપેલા સૂચનોમાંથી ગોરસ, રસરંગ, ધરોહર નામો પસંદ કરવામાં આવ્યા હતાં. એ જ રીતે, આ વર્ષે 'ઓપરેશન સિંદૂર'ને બિરદાવતા મેળાને 'શૌર્યનું સિંદૂર' નામ આપવામાં આવ્યું હતું.

# મૃતકોની જાણકારી આપવા અંગે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી તાલુકાના બેલા ગામમાં શંભુ હોમ ડેકોર પાસે રોડ પર ગત તા. ૦૬ ઓગસ્ટના રોજ આશરે ૨૫-૩૦ વર્ષીય અજાણ્યો પુરુષ રીક્ષામાંથી કૂદકો મારતા પડી જવાથી માથા પર ગંભીર ઈજા થતાં મૃત્યુ પામ્યો હતો. મુતક ભાઈની ઉંચાઈ આશરે ૦૫ ફીટ, બાંધો મધ્યમ, વર્ણ શ્યામ, વાળ કાળા, આંખ કાળી અને ચહેરો ગોળ છે. તેમને કાળી મૂંછ અને દાઢી છે. તથા જમણા હાથ પર .. ત્રોફાવેલું છે, લાલ રંગનું શર્ટ અને કાળું પેન્ટ પહેરેલું છે. તેના વિશે જાણકારી હોય તો મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના એ.એસ.આઇ. એફ. આઇ. સુમરાના મો.નં. ૯૯૭૯૦ ૧૯૯૪૪ પર સંપર્ક કરવા પોલીસ અધિક્ષકની કચેરીની યાદીમાં જણાવાયું છે.

આ ઉપરાંત, હળવદમાં રામદેવપીર મંદિરવાળી શેરીમાં રહેતા ૪૨ વર્ષીય સુરજભાઈ કાઠીને ગત તા. ૦૬ ઓગસ્ટના રોજ સવારે પડી જવાથી મુંઢ ઈજા થઇ હતી. તેઓ સારવાર માટે હળવદ સરકારી હોસ્પિટલ ખાતે આવ્યા હતા, ત્યાર બાદ તેમને વધુ સારવાર મોરબી સરકારી હોસ્પિટલમાં આપીને, વધુ સારવાર માટે રાજકોટ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતાં, જ્યાં સારવાર દરમિયાન તા. ૦૭ ઓગસ્ટના રોજ તેમનું મૃત્યુ થયું હતું. મૃતક ઉંચાઈ આશરે ૦૮ ફીટ, બાંધો પાતળો, વર્ણ ઘઉં, વાળ કાળા, આંખ કાળી અને ચહેરો ગોળ ધરાવે છે. તેને માથા અને દાઢીના ભાગે સફેદ વાળ છે. બંને હાથના કાંડા પર સ્વસ્તિક, જમણા હાથે હિન્દીમાં જિનકા તથા ત્રોફાવેલું છે. તેણે મહેંદી રંગનો કોટ, સફેદ ટીશર્ટ અને કાળું પેન્ટ પહેરેલું છે. તેના વિશે જાણકારી મળે તો મોરબી કંટ્રોલ રૂમ ફોન નંબર ૦૨૮૨-૨૨૪૩૪૭૮ પર સંપર્ક કરવા પોલીસ અધિક્ષકની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ રેલવે ડિવિઝન દ્વારા ૭૯માં સ્વાતંત્ર્ય દિવસની ઉત્સાહપૂર્વક ઉજવણી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં ૭૯મો સ્વાતંત્ર્ય દિવસ ઉત્સાહપૂર્વક ઉજવાયો. આ પ્રસંગે રાજકોટ સ્થિત ડીઆરએમ ઓફિસના પરિસરમાં આયોજિત સમારોહમાં રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો, સલામી આપી અને પરેડનું નિરીક્ષણ કર્યું. મીનાએ રેલકર્મીઓને સંબોધન કરીને તેમને અને તેમના પરિવારોને સ્વાતંત્ર્ય દિવસની શુભકામનાઓ પાઠવી અને પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર વિવેક કુમાર ગુપ્તાનો સંદેશ સંભળાવ્યો.

ત્યાર બાદ આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં રેલ કર્મચારીઓ દ્વારા ગવાયેલા ગીતો અને સમૂહ નૃત્યે સમગ્ર વાતાવરણને દેશભક્તિની ભાવનાથી તરબોળ કરી દીધું. રાજકોટ ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫' અંતર્ગત ૧ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી એક વિશેષ 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ વિવિધ વિભાગોના કુલ ૧૩ કર્મચારીઓને ડિવિઝનલ રેલવે મેનેજર મીનાજી દ્વારા મેરિટ સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા. 'સ્વચ્છ ભારત' અને 'હર ઘર તિરંગા' વિષય પર આયોજિત ચિત્ર/નિબંધ લેખન/ક્વિઝ સ્પર્ધાઓના ૧૬ વિજેતાઓને પણ પ્રમાણપત્રો અને પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

સ્વાતંત્ર્ય દિવસના આ સમારોહમાં એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન રાજકોટના ઉપાધ્યક્ષ અને સંગઠનના અન્ય પદાધિકારીઓ અને તેમની ટીમ, વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ, ટ્રેડ યુનિયન અને સંગઠનોના પદાધિકારીઓ, પેન્શનર્સ અને રેલ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના ''શૌર્યનું સિંદૂર'' લોકમેળામાં પોલીસ વિભાગ દ્વારા યોજાયું શસ્ત્રોનું પ્રદર્શન

## ૧૯મી સદીની મશીન ગનથી લઈને એલ.એમ.જી., ઈન્સાસ રાયફલ, સ્નાઈપર સહિતના ૩૦થી વધુ શસ્ત્રો કરાયા પ્રદર્શિત






**મુખ્ય સમાચાર, રાજકોટ**

''પોલીસ'' શબ્દ સાંભળતા જ આપણને શિસ્ત, સમર્પણ અને સુરક્ષાની ભાવનાનો અનુભવ થાય છે, સુરક્ષાની આ લાગણી જન-જન ને અનુભવાય અને લોકો પણ પોલીસ વિભાગ પાસેના આધુનિક શસ્ત્રોથી માહિતગાર થાય તેવા શુભ આશય સાથે પોલીસ વિભાગ દ્વારા રાજકોટના રેસકોર્સ ખાતે આયોજીત ''શૌર્યનું સિંદૂર'' લોકમેળામાં શસ્ત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

આ શસ્ત્ર પ્રદર્શનમાં ૧૯મી સદીની મશીન ગનથી લઈને એલ.એમ.જી., ઈન્સાસ રાયફલ, સ્નાઈપર સહિતના ૩૦થી વધુ શસ્ત્રો કરાયા પ્રદર્શિત છે.

''શૌર્યનું સિંદૂર'' લોકમેળામાં ઉભા કરવામાં આવેલા સ્ટોલમાં પોલીસ વિભાગના આશરે ૨૫ જેટલા કર્મયોગીઓ સ્ટોલના આ શસ્ત્ર પ્રદર્શનમાં રાખવામાં આવેલા શસ્ત્રોથી લોકોને માહિતગાર કરી રહ્યા છે.

આ શસ્ત્ર પ્રદર્શન સ્ટોલમાં બે સ્નાઈપર, લાઇટ મશીન ગન, મશીન પિસ્તોલ, ઈન્સાન રાયફલ, એસ.આઈ.જી. સોર સહિતના હથિયારો, વિવિધ સાઈઝની બુલેટ્સ, ૧૯મી સદીની અંગ્રજોના શાસનકાળની ૩૦૩ મેકીસમ મશીન ગન, સ્પીડ ગન, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડના વિવિધ સાધનો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત આ શસ્ત્ર પ્રદર્શનની સાથે લોકોમાં ટ્રાફિકના નિયમનું જ્ઞાન તથા જાગૃતિ આવે તે માટે હેલ્મેટ જાગૃતિ અને ટ્રાફિકના નિયમોની પોસ્ટર્સ, પેમ્ફલેટ દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી રહી છે. એટલું જ નહીં પરંતુ હેલ્મેટ ડ્રાઇવને વેગ મળે તે માટે ''હેલ્મેટ ડ્રાઇવ'' અને

''પોલીસ વર્દી'' ના સેલ્ફી પોઇન્ટ પણ ઊભા કરવામાં આવ્યા છે, જે બાળકો અને યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

નોંધનીય છે કે, નાગરિકોને શિસ્ત, સમર્પણ અને સુરક્ષાની ભાવનાનો અનુભવ કરાવતા પોલીસ વિભાગ દ્વારા ઊભા કરવામાં આવેલા આ સ્ટોલમાં પ્રદર્શિત કરાયેલા શસ્ત્ર પ્રદર્શનને મેળામાં આવતા સહેલાણીઓએ અચૂક નિહાળવુ જોઈએ.

# રાજકોટના લોકમેળામાં ભૂલા પડી ગયેલા નાના બાળકો માટે સુપરહિરોની ભૂમિકા ભજવતી રાજકોટ પોલીસ

## ''શૌર્યનું સિંદૂર'' લોકમેળામાં વિખૂટા પડેલાં ૬૦ બાળકો અને ૨૨ સિનિયર સિટીઝનનું પરિવાર સાથે પુનમિલન કરાવાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રણ-ચાર દાયકા અગાઉની ફિલ્મોમાં એવો ડાયલોગ ઘણીવાર સાંભળવા મળતો કે ''બચપન મેં મેલે મેં બિછડ ગયે થે...'' જોકે આ બાબત હવે ભૂતકાળ બની ગઈ છે. રાજકોટના ''શૌર્યનું સિંદૂર'' લોકમેળામાં ચાર દિવસમાં ૮૨ જેટલી વ્યક્તિઓ ''પોતાના''ઓથી વિખુટી પડી ગઈ હતી. પરંતુ જિલ્લા વહીવટી તંત્રના સુદ્રઢ આયોજન અને પોલીસની સુચારુ કામગીરીના કારણે તેમનો તુરંત પરિવાર-સ્વજનો સાથે મેળાપ કરાવાયો હતો.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશના માર્ગદર્શનમાં લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા રેસકોર્સ ગ્રાઉન્ડમાં ૧૮મી ઓગસ્ટ સુધી ''શૌર્યનું સિંદૂર'' લોકમેળો-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે. લોકમેળામાં વહીવટી તંત્રના ઝીણવટપૂર્વકના ચોક્કસ આયોજન અને પોલીસ વિભાગની સતત ખડેપગે ફરજના કારણે લાખો લોકો નિર્વિઘ્ને મેળાનો આનંદ માણી રહ્યા છે.

મેળામાં મોટી સંખ્યામાં લોકો આવતા હોય છે ત્યારે બાળકો કે કોઈ સ્વજન પોતાના પરિવારથી અલગ પડીને ખોવાઈ ન જાય તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

મેળામાં માતા-પિતાથી વિખુટા પડી ગયેલાં નાના બાળકોનું પરિવાર સાથે પુનઃ મિલન કરાવી કંટ્રોલ રૂમમાં કાર્યરત પોલીસ જવાનો બાળકો માટે સુપરહિરોની ભુમિકા ભજવી રહ્યા છે.

લોકમેળામાં કંટ્રોલરૂમ ખાતે ફરજ પર કાર્યરત પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ભાર્ગવસિંહ ઝણકાટના જણાવ્યા અનુસાર, કંટ્રોલરૂમમાં બે શિફ્ટમાં કુલ દસ પોલીસ કર્મચારી આ ફરજ બજાવી રહ્યા છે. આ લોકમેળામાં કંટ્રોલરૂમ શરૂ થયો ત્યારથી લઈને અત્યાર સુધીમાં પરિવારથી વિખુટા પડી ગયેલા ૬૦ જેટલા બાળકો અને ૨૨ જેટલા સિનિયર સિટીઝનના પરિવારને ગોતીને તેમની સાથે મિલન કરાવવામાં આવ્યું છે. કોઈ નાનું બાળક મળી આવે તો માઈકમાં સતત તેની જાહેરાત તથા એલ.ઈ.ડી.સ્ક્રીન ઉપર બાળકનો ફોટો બતાવવામાં આવે છે.

વધુમાં કંટ્રોલરૂમ ખાતેથી લોકજાગૃતિ માટે પી.આઈ. ભાર્ગવસિંહ ઝણકાટ માઈક દ્વારા ખિસ્સાં કાતરુંથી સાવધાન, મોબાઈલ પાકીટ અને પર્સનું ધ્યાન રાખવું, બહેનોની કોઈ છેડતી કરે તો પોલીસનો સંપર્ક કરવો, નાના બાળકોનું ધ્યાન રાખવું અને બાળકોના ખિસ્સામાં મોબાઈલ નંબરની ચિટ્ઠી રાખવી સહિતના તકેદારીના પગલા માટેની સતત જાહેરાત કરાઈ રહી છે.

લોકમેળામાં પોલીસ જનતાની મિત્ર બનીને, નાના બાળકો અને સિનિયર સિટીઝનોની વહારે આવીને તેમના પરિવાર સાથે પુનર્મિલન કરાવીને પોલીસ પ્રજાનો સાચો મિત્રનું ઉત્તમ ઉદાહરણ બની રહ્યા છે.

# અજાણી લાશના વાલી-વારસને પોલીસ સ્ટેશને સંપર્ક કરવા સુચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પડધરી ખાતેની સરકારી હોસ્પિટલની સામેથી તા.૧૪/૦૮/૨૦૨૫ના રોજ ૧૦.૪૦ કલાકે એક અજાણ્યા પુરુષની લાશ મળી આવેલ છે. મૃતકના શરીરે આખી બાંયનો સફેદ રંગનો શર્ટ તથા કાળા રંગનું નાઈટ પેન્ટ પહેરેલ છે.

જમણા પગમાં ઘુટણથી પગ સુધી જૂના ઓપરેશનનું નિશાન છે, અને જમણા પગના પંજા પર સફેદ કલરનો પાટો બાંધેલ છે. તેમનું ટૂંકું નામ શિવો ઓડીશાવાળો જાણવા મળ્યું છે. લાશના કોઈ વાલી વારસ મળી આવેલ નથી. મૃતકના વાલી-વારસએ પડધરી પોલીસ સ્ટેશન ખાતે સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ગુમ-અપહૃત સગીરાની ભાળ આપવા અનુરોધ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ૮૦ ફુટ રોડ સોમનાથ સોસાયટીની બાજુમાં ઝુપડામાં રહેતા મૂળ ઓડીસાનાં મીનાબેન ગોપાલભાઇ ડોડીયા, જાતે રાજપૂતની સગીર દિકરી ગત તા.૧૧/૦૮/૨૦૨૫ના રોજ સવારનાં આશરે ૫ વાગે કોઇને કહ્યા વગર ઘરેથી ચાલ્યા ગયેલ છે અથવા કોઈ અજાણ્યા ઈસમ દ્વારા લલચાવી કે ફોસલાવી અપહરણ કરવામાં આવેલ છે. સગીરાની ભાળ મળી આવે તો બી ડીવીઝન અથવા નજીકનાં પોલીસ સ્ટેશનને જાણ કરવા યાદી દ્વારા અનુરોધ કરવામાં આવે છે.

# આજે વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ટેકનિકલ કારણોસર, ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ વાંકાનેર અને મોરબી વચ્ચે ચાલતી તમામ ડેમુ ટ્રેનો રદ કરવામાં આવી છે. રદ કરાયેલી ડેમુ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

(૧) ટ્રેન નંબર ૭૯૪૫૨ મોરબી-વાંકાનેર, (૨) ટ્રેન નંબર ૭૯૪૪૨ મોરબી-વાંકાનેર, (૩) ટ્રેન નંબર ૭૯૪૫૪ મોરબી-વાંકાનેર, (૪) ટ્રેન નંબર ૭૯૪૪૪ મોરબી-વાંકાનેર, (૫) ટ્રેન નંબર ૭૯૪૪૬ મોરબી-વાંકાનેર, (૬) ટ્રેન નંબર ૭૯૪૪૮ મોરબી-વાંકાનેર, (૭) ટ્રેન નંબર ૭૯૪૪૧ વાંકાનેર-મોરબી, (૮) ટ્રેન નંબર ૭૯૪૪૩ વાંકાનેર-મોરબી, (૯) ટ્રેન નંબર ૭૯૪૫૩ વાંકાનેર-મોરબી, (૧૦) ટ્રેન નંબર ૭૯૪૪૫ વાંકાનેર-મોરબી, (૧૧) ટ્રેન નંબર ૭૯૪૪૭ વાંકાનેર-મોરબી, (૧૨) ટ્રેન નંબર ૭૯૪૫૧ વાંકાનેર-મોરબી.

રેલ યાત્રીઓને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની જાણકારી માટે www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય.

# રેલવે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ ડીઆરએમ દ્વારા પોઈન્ટ્સમેનનું સન્માન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે સેફ્ટીમાં ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ રાજકોટ ડિવિઝનના જલિયા દેવાણી ખાતે ફરજ બજાવતા પોઈન્ટ્સમેન જીતુ દાસ જેનું રાજકોટના ડિવિઝનલ રેલવે મેનેજર (ડીઆરએમ) ગિરિરાજ કુમાર મીના દ્વારા તાજેતરમાં સન્માન કરવામાં આવ્યું છે. ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં તેમને પ્રશંસા પત્ર આપીને આ સન્માન કરાયું હતું. દાસે તેમની જાગૃતિ અને ફરજ પ્રત્યેની નિષ્ઠાથી એક સંભવિત મોટા અકસ્માતને ટાળવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ ઘટના ૧૭ જૂન, ૨૦૨૫ના રોજ બની હતી, જ્યારે ટ્રેન નંબર ૨૨૯૨૬ ઓખા-અમદાવાદ વંદે ભારત ટ્રેન જલિયા દેવાણી પાસેથી પસાર થઈ. ટ્રેન પસાર થયા બાદ તરત જ તેમણે ટ્રેક ૩૯ ની તપાસ કરી. તપાસ દરમિયાન તેમને ગ્લુડ જોઈન્ટ પાસે પાટામાં તિરાડ (ક્રેક) જોવા મળી. તેમણે કોઈપણ વિલંબ કર્યા વગર તરત જ ઓન-ડ્યુટી સ્ટેશન માસ્ટરને આ અંગે જાણ કરી, જેના પછી જરૂરી કાર્યવાહી કરવામાં આવી. દાસની સતર્કતા અને સમયસર લીધેલા પગલાંથી એક મોટી દુર્ઘટના થતી અટકી ગઈ.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના એડીઆરએમ કૌશલ કુમાર ચૌબે, સિનિયર ડિવિઝનલ સેફ્ટી ઓફિસર રમેશચંદ્ર મીણા અને સિનિયર ડિવિઝનલ ઓપરેટિંગ મેનેજર સુનીલ કુમાર ગુપ્તા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટના ચાર ડીસીપી સહિત રાજયના ૧૧૬ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલી

## રાજકોટ ગ્રામ્ય, મોરબી, જામનગર, સુરેન્દ્રનગર, ગીર સોમનાથ, ભાવનગરના એસપી પણ બદલાયા, રાજકોટ ક્રાઈમ ડીસીપી તરીકે જગદીશ બાંગરવા, ઝોન ૧ ડીસીપી હેતલ પટેલ, ઝોન ૨ રાકેશ દેસાઈ, ડીસીપી ટ્રાફીકમાં હરપાલસિંહ જાડેજા મુકાયા




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા આઈપીએસ અને એસપીએસ મળી ૧૧૬ પોલીસ અધિકારીઓના બદલીના ઓર્ડર કર્યા છે. રાજકોટના ચાર ડીસીપી એક સાથે બદલાયા છે. આ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, ગીર સોમનાથ અને ભાવનગરના એસપીની પણ બદલી થઈ છે. રાજકોટ ડીસીપી ક્રાઈમની મહત્વની પોસ્ટ પર હાલ રાજકોટમાં જ ઝોન ૨ ડીસીપી તરીકે ફરજ બજાવતા જગદીશ ભાંગરવાનું પોસ્ટિંગ કરાયું છે. રાજ્યમાં ડાયરેક્ટ ડીજીપીની અંડરમાં આવતા એસએમસીમાં એસપી તરીકે એમ.જી.ચાવડાને મુકવામાં આવ્યા છે. બદલીના ગૃહ વિભાગના લિસ્ટ મુજબ રાજકોટ ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિહ ગોહિલને સાબરકાંઠા એસપી તરીકે મૂકવામાં આવ્યા છે, ડીસીપી ઝોન-૧ સદનસિહ પરમારની બદલી મહેસાણા થઈ છે તેમના સ્થાને સુરતથી હેતલ પટેલ મુકાયા છે. ડીસીપી ઝોન-૨ તરીકે રાકેશ દેસાઈ જ્યારે ડીસીપી ટ્રાફિક પૂજા પાદવ આહવા ડાંગના એસપી તરીકે મુકાતા રાજકોટ ડીસીપી ટ્રાફિક તરીકે હરપાલસિહ જાડેજાનું પોસ્ટિંગ થયું છે. જ્યારે રાજકોટ ગ્રામ્યના એસપી હિંમકરસિંહની અમદાવાદ બદલી થઈ છે તેમના સ્થાને સુરતના ડીસીપી વિજયસિહ ગુર્જર મુકાયા છે. જામનગરના એસપી તરીકે રાજકોટના પૂર્વ ડીસીપી હાલ અમદાવાદ ફરજ બજાવતા ડો. રવિ મોહન સૈનીની નિમણૂક થઈ છે. જામનગર એસ.પી પ્રેમસુખ ડેલુંને સુરેન્દ્રનગર એસપી તરીકે પોસ્ટિંગ અપાયું છે. મોરબીના એસપી રાહુલ ત્રીપાઠીની બદલી અમદાવાદ થઈ છે. તેમના સ્થાને મુકેશકુમાર પટેલ, રાજકોટના પૂર્વ ડીસીપી અને હાલ ગીર સોમનાથના એસપી મનોહરસિંહ જાડેજાની બદલી એસપી મોડાસા તરીકે થઈ છે તેમના સ્થાને જયદીપસિહ જાડેજા મુકાયા છે. મોરબી તથા ભાવનગરના એસપી ડૉ. હર્ષદ પટેલની બદલી અમદાવાદ ડીસીપી તરીકે થઈ છે. તેમના સ્થાને દેવભૂમિ દ્વારકાના એસ.પી. નિતેશ પાંડે મુકાયા છે. દેવભૂમિ દ્વારકામાં જયરાજસિંહ વાળાનું પોસ્ટીંગ થયું છે. રાજ્યના ૧૦૫ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીઓના આજે ઓર્ડર થતાં હવે ડીવાયએસપીની બદલીઓના ઓર્ડર નીકળે તેવી પોલીસ બેડામાં ચર્ચાઓ ચાલી છે.

રાજકોટના એસીબીના ડેપ્યુટી ડાયરેક્ટર તરીકે બળદેવસિંહ વાઘેલાનું પોસ્ટીંગ થયું છે. જ્યારે રાજકોટ સેન્ટ્રલ જેલના સુપ્રિન્ટેન્ડન્ટ પણ બદલાયા છે. નવા સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે વાઘીસા જોષીને મુકવામાં આવ્યા છે.

# સુરતમાં ૩૨ કરોડની કિંમતના હીરાની ચોરી





## કાપોદરા વિસ્તારના ડી.કે. એન્ડ સન્સ નામના હીરાના કારખાનાની તિજોરી તોડી ને હીરાનો જથ્થો ઉઠાવી ગયાઃ ક્રાઇમ બ્રાંચે કેટલાકને લીધા સકંજામાં

**મુખ્ય સમાચાર, સુરત**

સુરતના કાપોદરા વિસ્તારમાં આવેલા ડી.કે. એન્ડ સન્સ તથા ડાયમંડ કિંગ કંપની નામના હીરાના કારખાનામાં ખાબકેલા તસ્કરો તીજોરી તોડીને અંદરથી અંદાજે ૩૨.૫૩ કરોડ જેવા હીરાનો જથ્થો લઇ જતા સુરત પોલીસમાં દોડધામ મચી ગઇ હતી. ક્રાઈમ બ્રાંચે કેટલાક ઈસમને સકંજામાં લઈને ગુનાનો ભેદ ઉકેલાઈ જવાનો આશાવાદ વ્યકત કર્યો છે.

જન્માષ્ટમી પર્વ નિમિત્તે ડી.કે. એન્ડ સન્સ નામની ડાયમંડ કંપની બંધ હતી એ દરમિયાન રજાનો લાભ ઉઠાવી કારખાનામાં બાકોરૂ પાડીને ઘૂસેલા તસ્કરોએ ઓફિસમાં રહેલી તિજોરીને નિશાન બનાવી હતી. કટરથી તિજોરીને તોડી હતી. અંદર રહેલા હીરા સાફ કરી નાખ્યા હતા. તસ્કરો ડીવીઆર પણ સાથે લઈ ગયા હતા.

કરોડોના હીરાની ચોરી થયાના પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ દોડી ગયા હતા. જાણવા મળ્યા વળ્યા મુજબ તસ્કરો કોઈ જાણભેદુ જ હોવાની પોલીસને વિગતો સાપડી હતી. અન્ય સીસીટીવી અને માહિતીના આધારે ક્રાઈમ બ્રાંચે કેટલાક વ્યક્તિને ઉઠાવી લીધા હોવાનું અને કરોડોની ચોરીનો ભેદ ઉકેલાઈ જવાની આશા પોલીસે વ્યકત કરી છે.

# ૨ વર્ષથી ડિપ્રેશનમાં રહેતા યુવકે ગળાફાંસો ખાઇ કર્યો આપઘાત

## તહેવારમાં પરિવાર પોરબંદર ગયો 'ને પાછળથી ચુંદડીથી ફાંસો ખાઈને જિંદગી ટૂંકાવી લીધી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી ગામ નજીક આવેલી શનૈશ્વર સોસાયટીમાં ૨૩ વર્ષીય યુવક છેલ્લા ૨ વર્ષથી ડીપ્રેશનમાં રહેતો હોય ત્યારે તહેવારમાં પરિવાર પોરબંદર જતા પાછળથી યુવકે ગળાફાંસો જિંદગી ટૂંકાવી લીધી હતી. ઘટના અંગે તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ, મવડી ગામ પાસે મટુકી રેસ્ટોરન્ટની સોસાયટી શેરી ૨ માં રહેતો ૨૩ વર્ષીય ધાર્મિક શૈલેષભાઈ પરમાર રવિવારે બપોરના સમયે પોતાના ઘરે હતો ત્યારે પંખાના હુકમાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. પડોસી દ્વારા યુવકને ફોન કરતા તે ઉપાડતો ન હોય જેથી રૂમનો દરવાજો તોડીને જોતા યુવક પંખામાં લટકાયેલો હતો. ઘટના અંગે જાણ થતાં તાલુકા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ભોજભાઈ મોભ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતક ધાર્મિક છેલ્લા બે વર્ષથી ડિપ્રેશનમાં સરી પડયો હતો જેની દવા પણ ચાલુ હતી રવિવારે પરિવાર સાતમ આઠમના તહેવારમાં પોરબંદર ગયો હતો ત્યારે પાછળથી તેણે આવું આત્મઘાતી પગલું ભરી લીધું હતું. મૃતક એક બહેન એક ભાઈમાં નાનો હતો અને પિતાને કારખાનામાં મદદ કરતો હતો. બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

આપઘાતના અન્ય એક બનાવવમાં, મવડીની ધરમ નગર સોસાયટીમાં આવેલ પંચતત્વ એપાર્ટમેન્ટમાં રહેતા ૫૧ વર્ષીય ભાવેશભાઈ નાનજીભાઈ ભાલોડીયા નામના પ્રૌઢે ગત તારીખ ૧૪ ના ઢેબર રોડ આર્ય સમાજ નજીક આવેલ જાહેર. શૌચાલયમાં ઝેરી પાવડર પી જતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અહીં રવિવારે તેઓ દમ તોડી દીધો હતો. ઘટના અંગે ભક્તિનગર પોલીસના એએસઆઈ કલ્પેશસિહે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, મૃતક ભાવેશભાઈ માનસિક બીમારીથી પીડાતા હતા જેના કારણે તેઓએ આ પગલું ભરી લીધું હતું. બનાવથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# બામણબોર જીઆઇડીસીમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ આવ્યું એકશન મોડમાં: બે યુનીટ બંધ કરવાના આદેશ કરાયા

## બામણબોર જીઆઇડીસીમાં બિયોન્સ બાયો સાયન્સ અને શ્રી રામનાથ કેમિકલ યુનિટમાં જીપીસીબીનું ચેકિંગ













**ગુજરાતના કેમિકલ ઝોનની ફેકટરીઓમાંથી મગાવવામાં આવેલું હાઇડ્રોકલોરિક એસિડ (HCL) અને યુનિટમાં મશીનરી અંગે તપાસ કરાઇ: જીપીસીબી દ્વારા ધગધગતો રીપોર્ટ તૈયાર કરી ગાંધીનગર મોકલવામાં આવ્યો**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-અમદાવાદ હાઇવે પર આવેલા બામણબોર જીઆઇડીસીમાં ગેરકાયદે હાઇડ્રોકલોરિક એસિડ (HCL)ના જથ્થાનું વેંચાણ થતું હોવા અંગે મુખ્ય સમાચારની ટીમે કૌભાંડનો પર્દાફાશ કર્યા બાદ ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ ગાંધીનગરથી તપાસના આદેશો કરવામાં આવતા સુરેન્દ્રનગરની જીપીસીબીની ટીમ દ્વારા બામણબોર જીઆઇડીસીમાં આવેલા બે યુનીટમાં ચેકિંગ હાથધરી ધગધગતો રીપોર્ટ તૈયાર કરી વડી કચેરીએ મોકલાવવ-ામાં આવ્યો હોવાનું જાણવ મળ્યું છે.

ગુજરાતમાં કેમિકલ ઝોન ગણાતા અંકલેશ્વર, વડોદરા, દહેજ, જગડીયા સહિતની દસથી વધુ જીઆઇડીસીઓમાં આવેલી કેમિકલ ફેકટરીઓમાંથી નિકળતું વેસ્ટ હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો અન્ય નાના યુનિટના સંચાલકો આ કંપનીઓ સાથે કરાર કરી આ વેસ્ટનો જથ્થો ઉપાડતા હોય છે અને તેની જરૂરી પ્રોસેશ કરી બાયોપ્રોડકટ બનાવતા હોય છે. પરંતુ બામણબોર જીઆઇડીસીમાં આવેલ બે યુનિટના સંચાલકો દ્વારા આ જથ્થો બારોબાર મોરબીની સીરામીક ફેકટરીઓને વેંચી દઇ લાખોની કમાણી કરી ગેરકાયદે કૌભાંડ કરતા હોવાનો મુખ્ય સમાચારની ટીમે અગાઉ પર્દાફાશ કર્યો હોય જેના પગલે ગાંધીનગર ગુજરાત પ્રદુષણ બોર્ડના મેમ્બર ઓફ સેક્રેટરીના ધ્યાને આવતા આ સમગ્ર કૌભાંડની તપાસ કરવા સુરેન્દ્રનગર જીપીસીબીના અધિકારીઓને આદેશ કરવામાં આવ્યો હતો.

જેના પગલે રાજકોટ અમદાવાદ હાઇવે પર આવેલ બામણબોર જીઆઇડીસીમાં હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો મંગાવી બાયોપ્રોડકટ બનાવતા બિયોન્સ બાયો સાયન્સ નામના યુનિટમાં તથા શ્રી રામનાથ નામના યુનિટમાં સુરેન્દ્રનગર જીપીસીબી બોર્ડના અધિકારીઓ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. કેમિકલ ઝોન અંકલેશ્વર, વડોદરા, દહેજ, જગડીયા સહિતની કેમિકલ ફેકટરીઓમાંથી મંગાવવામાં આવેલ વેસ્ટ હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો કેટલા ટન આવ્યો અને તેમાંથી કેટલો બાયો પ્રોડકટ બનાવ્યા તે અંગે ચેકિંગ હાથ ધરાયું હતું અને ફેકટરીમાં આ વેસ્ટ હાઇડ્રોકલોરિક એસિડ (HCL)નો જથ્થો સાચવવા માટે અને તેની પ્રોસેસ કરવા માટે સાધન, સામગ્રી તથા સીસ્ટમ અંગે પણ જીપીસીબી બોર્ડ દ્વારા તપાસ હાથ ધરાઇ હતી. ઉચ્ચ અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું હતુ કે, આ બન્ને યુનિટમાં ચેકિંગ હાથધરી ધગધગતો રિપોર્ટ તૈયાર કરી ગાંધીનગર ગુજરાત પ્રદુષણ બોર્ડના મેમ્બર ઓફ સેક્રેટરીને મોકલાવવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે. આવનારા દિવસોમાં ગાંધીનગરની વડી કચેરીએથી આ રિપોર્ટ ચેક કર્યા બાદ જરૂરી આકરા પગલા આ બન્ને યુનિટો વિરૂધ્ધ ભરવામાં આવે તેવા અણસાર વર્તાય રહ્યા છે.

## ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

બામણબોર જીઆઇડીસીમાં આવેલા કેમિકલના કારખાનાઓમાં ગેરકાયદે એચસીએલ વેંચવાનું કૌભાંડ ચાલતું હોવાનો મુખ્ય સમાચારના ટીમે પર્દાફાશ કર્યા બાદ ગાંધીનગર જીપીસીબીના અધિકારીઓ દ્વારા આદેશ કરવામાં આવતા સુરેન્દ્રનગર ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ એકશન મોડમાં આવી બામણબોર જીઆઇડીસી ખાતે આવેલ બે કેમિકલ યુનિટ બંધ કરવા આદેશ કરાયો અને જરૂરી તપાસ વેગવંતી કરવામાં આવી છે.

આ અંગેની માહિતી આપતા સુરેન્દ્રનગર ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના આરઓ અધિકારી ત્રિવેદીએ જણાવ્યું હતુ કે, અગાઉ બામણબોર જીઆઇડીસીમાં આવેલ બિયોન્સ બાયો સાયન્સ અને શ્રી રામનાથ કેમિકલ યુનિટમાં ગેરકાયદે પ્રવૃતિ ચાલતી હોવાની ફરીયાદના પગલે અધિકારીઓની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને આ ગેરકાયદે એચસીએલ કેમિકલ વેચવાના કૌભાંડ અંગે ધગધગતો રિપોર્ટ તૈયાર કરી ગાંધીનગર વડી કચેરીએ મોકલાવવામાં આવ્યા બાદ થોડા સમય પહેલા જ બામણબોર જીઆઇડીસીમાં આવેલ શ્રી રામનાથ કેમિકલ યુનિટને કલોઝર આપી ૭૫૦૦૦ બેંક ગેરેન્ટી સાથે કલોઝર આપી તેનું લાઇટ કનેકશન કાપવામાં આવ્યું હતું. જયારે બામણબોર જીઆઇડીસીમાં આવેલ અન્ય યુનિટ બિયોન્સ બાયો સાયન્સમાં પણ ગેરરીતી માલુમ પડતા આ અંગે રિપોર્ટ તૈયાર કરી વડી કચેરીએ મોકલાવ્યા બાદ તેઓને ૧૫ દિવસમાં જરૂરી કોમપલાઇન કરવા અંગે આદેશ કરાયો છે અને જો આ યુનિટના સંચાલકો દ્વારા ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને યોગ્ય ખુલાસાઓ નહીં કરે તો તેઓનું યુનિટ બંધ કરવાનો આદેશ કરવામાં આવશે. તેવું જીપીસીબી સુરેન્દ્રનગરના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# હરીવંદના કોલેજ સામે શ્રી સીટી એપાર્ટમેન્ટના ફલેટમાં રૂ.૭.૭૭ લાખની મત્તાની ચોરી



### બાપુનગર મેઈન રોડ પર પોપ્યુલર પીસ્ટન નામના કારખાનામાં તસ્કરો ત્રાટકયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં સાતમ-આઠમના તહેવારોનું ખુબ મહત્વ હોય અને લોકો ચાર-પાંચ દિવસની રજા માણવા ફરવા નીકળી જતા હોય અને રાજકોટના રેસકોર્ષમાં સૌરાષ્ટ્રનો સૌથી લોકમેળો યોજાતો હોય અને રોજે લાખો લોકો આ મેળાની મજા માણતા હોય ત્યારે લોકોની સલામતી માટે પોલીસનો પણ ચુસ્ત બંદોબસ્ત તથા શહેરના રાજમાર્ગો પર ટ્રાફિક વ્યવસ્થા અને લોકોને અવરોધ ન ઉભો થાય તે માટે પોલીસ સતત પેટ્રોલિંગમાં રહેલી હોય જેનો લાભ ઉઠાવી તસ્કરોએ મુંજકા ગામમાં આવેલ હરીવંદના કોલેજ સામે શ્રી સીટી એપાર્ટમેન્ટના ફલેટમાં અને બાપુનગર મેઈન રોડ પર પોપ્યુલર પીસ્ટન નામના કારખાનામાં તસ્કરોએ પરોણા કરી લાખોની મત્તા ચોરી કરી જતા પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

પ્રથમ બનાવમાં મુંજકા ગામમાં આવેલ હરીવંદના કોલેજ સામે શ્રી સીટી એપાર્ટમેન્ટ એ વિંગ બ્લોક નં.૯૦૧ નવામાં માળે રહેતા નીલેશભાઇ વાશાભાઇ કારોતરા (ઉ.વ.૪૪) નામના યુવાને ગાંધીગ્રામ-ર યુની. પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, ગઇ તા.૧ર-૮ થી ૧૮-૮ દરમ્યાન તેઓ પરીવાર સાથે ફરવા ગયા હોય અને બંધ ફલેટને તસ્કરોએ નીશાન બનાવી ગેલેરીમાં કબુતરની જારી તોડી નાખી અંદર પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.૭.૭૭ લાખની માલ-મત્તાની ચોરી કરી જતા ફરીયાદ નોંધાવી છે. બનાવના પગલે પીએસઆઇ ડી.બી.કારેથાએ ગુન્હો નોંધી અજાણ્યા તસ્કરોની શોધખોળ આદરી છે.

બીજા બનાવમાં રામનાથ પરા શેરી નં.૧ર માં રજપૂત સમાજની વાડી પાસે રહેતા અને બાપુનગર મેઈન રોડ પર ૮૦ ફૂટ રોડ સોમનાથ પેટ્રોલ પમ્પની સામે આવેલ પોપ્યુલર પીસ્ટન નામે કારખાનું ચલાવતા ઈમરાનભાઇ અબદુલભાઇ સોરઠીયાએ ભકિતનગર પોલીસમાં ફરીયાદ નોંધાવી છે કે, સાતમ-આઠમના તહેવારોમાં કારખાનું બંધ હોય ત્યારે કોઇ અજાણ્યા ચોર ઈસમો કારખાનાની અગાસી પરથી પ્રવેશ કરી સટર તોડી નાખી કારખાનામાંથી કોપર વાયર સહિત રોકડ અને અન્ય માલ સામાન મળી કુલ રૂ.૮૧૫૦૦નો માલ-સામાન ચોરી કરી નાસી ગયાની ફરીયાદ નોંધાવતા એએસઆઇ શૈલેષભાઇએ ગુન્હો નોંધી પ્રાથમીક તપાસ હાથ ધરી છે.

# પોલીસ હેડકવાર્ટરના અમુલ પાર્લર સંચાલકે બાળા સાથે કર્યા બિભત્સ ચાળા

### દૂધ લેવા આવેલી ૧૧ વર્ષની બાળકીનો હાથ પકડી, શરીરે અડપલા કરી ગાલે કિસ કરી લીધી: પ્ર.નગર પોલીસે પોકસો હેઠળ કાર્યવાહી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના પોલીસ હેડકવાર્ટરમાં અમુલ પાર્લર ચલાવતાં શખ્સે ખાઠમના દિવસે દૂધ લેવા આવેલી એક ૧૧ વર્ષની બાળા સાથે વિકૃતી આચરી હતી. આ બનાવની જાણ થતાં પ્રથુમનનગર પોલીસે પોક્સો હેઠળ ફરિયાદ દાખલ કરી પાર્લર સંચાલકને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. આશરે પચાસ વર્ષનો આ પાર્લરનો સંચાલક પેટા કોન્ટ્રાકટરમાં અમુલ પાર્લર ચલાવતો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી હતી. ચોકાવનારી આ ઘટના બારામાં પોલીસે ભોગ બનનાર બાળાના પિતાની ફરિયાદ પરથી પોલીસ હેડકવાર્ટરમાં અમુલ પાર્લર ચલાવતાં જંકશન પ્લોટ વિસ્તારમાં રહેતાં આશરે પચાસ વર્ષના હરેશ દોલાનુમલ ગેહાણી વિરૂધ્ધ બીએનએસની કલમ ૭૫, પોક્સો એક્ટની કલમ ૮ મુજબ ગુનો દાખલ કર્યો હતો.

વધુ માહિતી અનુસાર બાળા આ પાર્લર ાતે દૂધ લેવા માટે આવી ત્યારે કમા હરેશ મેહાણીને તેણીનો હાથ પકડી થઈ શરીરે અડપલા કરી લીધા હતાં. તેમજ ગાલ ઉપર કિસ કરી છેડતી કરી લીધી હતી. આવુ થતાં બાળા ડધાઈ ગઈ હતી અને બચીને ઘરે દોડી ગાઈ હતી. તેણે પોતાની સાથે જે બન્યું તેની જાણ વાલીને કરતાં આ મામલે પોલીસને જાણ કરવામાં આવતાં પીઆઈ વી.ખાર. વસાવા, પીએસાઈ જે. એમ. જાડેજા અને સ્ટાહે ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી. પોલીસ હેડકવાર્ટરમાં ચર્ચાની વિગતો અનુસાર આ અમુલ પાર્લર જેને કોન્ટ્રાક્ટથી મળ્યું છે તેણે પેટા કોન્ટ્રાક્ટથી હરેકાને ચલાવવા દીધાની થર્યા છે. પોલીસ ઈન્સપેક્ટર વી.ખાર, વસાવા અને આરોપીને લેવા કાયદાનું ભાન કરાવવા તજવીજ શરૂ કરી હતી.

# બજરંગ વાડીમાં મકાનમાલિકે ભાડા કરારનું કહેતાં ભાડુઆત છરી વડે તૂટી પડયો

### હુમલાખોર શખ્સ વિરુદ્ધ પોલીસ ચોપડે નોંધાતો ગુન્હો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ ઉપર બજરંગ વાડીમાં રહેતા મકાન માલિકે ભાડા કરારનું કહેતા ભાડુઆતે છરી વડે હુમલો કર્યો હતો. હુમલાખોર ભાડુઆત વિરુદ્ધ મકાન માલિકે ફરિયાદ નોંધાવી છે આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં જામનગર રોડ બજરંગવાડી શેરી નં.૧૪માં રહેતા અનવરહુસેન અલીમોહમદ ચાનિયા (ઉં.વ.૫૬) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પોપટપરામાં રઘુનંદન સોસા. શેરી નં.૫માં ભાડે રહેતા યોગેશ ગિરીશકુમાર લાખાણીનું નામ આપ્યું હતું.

અનવરહુસેને ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ પોપટપરામાં રઘુનંદન સોસા. શેરી નં.૫માં બે માળનું મકાન ધરાવે છે. આ મકાનને છેલ્લા એક માસથી ભાડે આપ્યું છે. મકાનમાં ઉપરના માળે રોશનભાઈ લાલવાણી તથા નીચેના માળે ગિરીશકુમાર લાખાણી ભાડે રહે છે. આ બંને ભાડૂઆતના ભાડા કરાર બાકી હોય જેથી ગત તા.૧૨ના રોજ બપોરે તેઓ મકાને ગયા હતા અને ભાડા કરારની વાત કરતા ગિરીશકુમારનો દીકરો યોગેશ ઉશ્કેરાયો હતો અને છરીથી હુમલો કર્યો હતો.

# ધોરાજીના તોરણીયા ગામની સીમમાં ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનું કારસ્તાન ઝડપાયું

### જુનાગઢના શખ્સ સહિત ત્રણ શખ્સો નકલી દારૂ બનાવતા ગ્રામ્ય એલસીબીની ટીમે ડુપ્લીકેટ દારૂ બનાવવાનું કારસ્તાનનો પર્દાફાશ કર્યો: સીગ્નેચર, બ્લેન્ડરના સ્ટીકર અને દારૂ બનાવવાનું કેમિકલ સહિત રૂ.૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વિદેશી દારૂનું પુરજોશમાં વેચાણ થઇ રહ્યું હોય તેમ દીનબદીન પોલીસ દ્વારા દારૂ અંગે રેડ કરી લાખોનો મુદ્દામાલ ઝડપી લેવામાં આવે છે. ત્યારે પ્યાસીઓના આરોગ્ય સાથે ચેડા કરી ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવવાનું કારસ્તાન રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે ઝડપી લઇ ત્રણ શખ્સો સામે કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ધોરાજી તાલુકાના તોરણીયા ગામની સીમમાં ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવીને વેચાણ કરવામાં આવતું હોવાની હકીકત મળતા રાજકોટ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, પીએસઆઇ આર.વી.હિમાણી, હેડ કોન્સ. દિવ્યેશભાઇ, નીલેશભાઇ, રાજુભાઇ, હરેશભાઇ સહિતના સ્ટાફે તોરણીયા ગામની સીમમાં આવેલ કાન્તીલાલ રવજી બાબરીયા (રહે. મોટી પરબડી)ની માલિકીના ખેતરમાં આવેલી ઓરડીમાં દરોડો પાડતા કાન્તી રવજી બાબરીયા, ચેતન રાજુ ડેલવારીયા નામના બે શખ્સો બહારથી સીગ્નેચર, બ્લેન્ડર સહિતની મોંઘીદાટ વિદેશી દારૂના સ્ટીકર, ખાલી બોટલો, અન્ય સ્થળથી મગાવી તેમાં કેમિકલ અને પાણી મેળવી ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવતા ઝડપી લઇ પોલીસે રૂ.૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ડુપ્લીકેટ દારૂ બનાવવાના કારસ્તાનનો મુખ્ય સુત્રધાર સતીષ કયાડા (રહે. જુનાગઢ જોશીપુરાની) શોધખોળ આદરી છે.

# રાજકોટમાં પ્રેમી જેલમાં જતા પ્રેમિકાએ કૂવામાં ઝંપલાવી જિંદગી ટૂંકાવી

### પ્રેમ થયા બાદ સજોડે ભાગી ગયા હતા, પરત આવ્યા બાદ સગીરા ગુમસૂમ રહેતી હતી: પ્રેમી યુગલ ભાગી ગયા બાદ પરત આવતા પ્રેમીને પોક્સોના ગુનામાં જેલમાં ધકેલાતા સગીરાએ પગલું ભર્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર એચસીજી હોસ્પિટલ પાછળના વિસ્તારમાં રહેતી દાહોદ પંથકની સગીરાએ કૂવામાં ઝંપલાવી જીવનનો અંત આણી લીધો હતો. પોક્સોના ગુનામાં પ્રેમી જેલમાં જતાં બે દિવસથી ગુમસૂમ રહેતી સગીરાએ અંતિમ પગલું ભરી લીધું હોવાનું ખુલતા ચકચાર મચી જવા પામી છે

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં ૧૫૦ ફૂટ રિંગ રોડ પર એચસીજી હોસ્પિટલની પાછળ આવેલા જીઇબીના ડેલામાં રહેતા અને મજૂરીકામ કરતાં દાહોદ પંથકના સમુભાઈ મોહનિયાની ૧૭ વર્ષની પુત્રી હર્ષાએ શનિવારે ઘર નજીક આવેલા કૂવામાં પડતું મૂકી દીધું હતું. નજર સામે જ પુત્રીએ કૂવામાં ઝંપલાવતા મોહનિયા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. ઘટના અંગે જાણ કરાતા રેલનગર ફાયર સ્ટેશનના ફાયરમેન મહેશભાઈ સહિતનો કાફલો દોડી ગયો હતો અને ભારે જહેમત બાદ કૂવામાંથી હર્ષાનો મૃતદેહ બહાર કાઢી ગાંધીગ્રામ પોલીસને સોંપ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલમાં ખસેડયો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, એક ભાઈ અને બે ભ્હેનમાં મોટી હર્ષા પરિવાર સાથે ઉપરોક્ત સ્થળે રહેતી હતી અને મજૂરી કરી પરિવારને આર્થિક મદદરૂપ થતી હતી.

સગીરાને તેના જ સમાજના એક યુવક સાથે પ્રેમ થયો હતો અને બંને થોડા દિવસ પહેલાં નાસી ગયા હતા. સગીરા ઘરેથી ગુમ થયા અંગેની તેના પરિવારજનોએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી અને સગીરાના અપહરણ અંગેનો ગુનો પણ નોંધાયો હતો. ત્રણેક દિવસ પહેલાં સગીરા અને તેનો પ્રેમી પરત આવી ગયા હતા. પોલીસે પોક્સોના ગુનામાં સગીરાના પ્રેમીની ધરપકડ કરી તેને જેલહવાલે કર્યો હતો. પ્રેમી જેલમાં જતાં સગીરા ગુમસૂમ રહેતી હતી. શનિવારે સવારે તેની બહેનની નજર સામે જ સગીરાએ ઘર પાસે આવેલા કૂવામાં ઝંપલાવ્યું હતું અને જિંદગીનો શનિવારે સવારે તેની બહેનની નજર સામે જ સગીરાએ ઘર પાસે આવેલા કૂવામાં ઝંપલાવ્યું હતું અને જિંદગીનો અંત આણી લીધો હતો. બનાવથી મોહનિયા પરિવારમાં ગમગની છ્વાઈ ગઈ હતી. ઘટના અંગે પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# ઉપલેટા, જેતપુર, શાપર (વે.)માં વિદેશી દારૂ પરના દરોડામાં લાખોનો મુદ્દામાલ કબ્જે

### ગ્રામ્ય એલસીબીની ટીમે દારૂના જથ્થા સાથે બે બુટલેગર અને શાપર પોલીસે એક બુટલેગરને દબોચી લીધા








**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાતમ-આઠમના તહેવારોમાં વિદેશી દારૂનો જથ્થો રાજકોટ જીલ્લાના અને શહેરોમાં બેફામ પણે વેચાતો હોવાની હકીકતના આધારે ગ્રામ્ય એલસીબીની ટીમે ઉપલેટા, જેતપુરમાં દરોડા પાડી તથા શાપર-વેરાવળ પોલીસે વિદેશી દારૂના જથ્થા સાથે બુટલેગરને દબોચી લઇ લાખોનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

પ્રથમ દરોડામાં ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, આર.વી.ભીમાણી, હેડ કોન્સ. દિવ્યેશભાઇ, નિલેશભાઇ, રાજુભાઇ, હરેશભાઇ અને મીરલભાઇ સહિતના સ્ટાફે ઉપલેટા મંડપ રોડ પર ગુલીસ્તાનતાલુ કોલોનીમાં રહેતા સોયબ ઉર્ફે સોહિલ સમીર હિંગોરાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની ૮૩૮ બોટલ કિંમત રૂ.૨.૭૪ લાખનો દારૂનો જથ્થો મળી આવતા પોલીસે બુટલેગર સોયબ ઉર્ફે સોહિલ સામે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બીજા દરોડામાં ગ્રામ્ય એલસીબીની ટીમે જેતપુર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં અમરનગર રોડ પર કાશી વિશ્વનાથ મંદિર વાળી શેરીમાં ટાટા હેરીયર કારમાં વિદેશી દારૂની ૧૯૬ બોટલ કિંમત રૂ.૨.૫૪ લાખના જથ્થા સાથે કારના ચાલક હરીશ રામનારાયણ એચરા (રહે. વીરાવા ગામ, તાલુકો ચીત્તલવાના રાજસ્થાન)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૧૨.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો મોકલાવનાર બાડમેરનો રાજેન્દ્ર બિશ્નોઇ, જેતપુરના ચાપરાજપુરનો કુલદિપ ઉર્ફે કેતન મનુ મોયા અને અજીત ભરત ડાંગર સહિત ત્રણ શખ્સોની શોધખોળ શરૂ કરી છે.

જયારે ત્રીજા દરોડામાં શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી હેડ કોન્સ. જગસીભાઇ, કોન્સ. વિમલભાઇ સહિતનો સ્ટાફનો વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, વેરાવળમાં ભુમી ગેઇટ વર્ધમાન એન્જીનીયરીંગ કારખાના પાછળ આવેલ ખુલ્લી આવાવરૂ જગ્યામાં સફેદ કલરની કાર નંબર જીજે૧૨એફસીર૩૩૮માં વિદેશી દારૂ હોવાની હકીકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા વિદેશી દારૂના ચપલા નંગ ૩૬૦ કિંમત રૂ.૪૦ હજાર ના જથ્થા સાથે રાહુલ ભીખલન ભેડા (રહે. ગોંડલ ચોકડી, જયનાથ વે બ્રીજ પાસે, વીરનર્મદ ટાઉનશીપ)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૩.૫૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.